
# તલાશ

મહેક ટંકારવી



# તલાશ

## ગઝલ સંગ્રહ




‘મહેક’ ટંકારવી


**'Talaash'**

a collection of Gujarati ghazals by
Yacoob Mank ('Mahek' Tankarvi), 1980


કવિના ગઝલ સંગ્રહો:





પ્યાસ
૧૯૭૨



તલાશ
૧૯૮૦




પ્યાસથી પરબ સુધી...
૨૦૦૬




પ્રેમરસ પ્યાલો
૨૦૧૩

**Title:** 'Talaash'
**1st Edition:** Printed 1980
**2nd Edition:** eBook 2020
**Copyright:** © 1980 Mahek Tankarvi - All Rights Reserved

**Contact:** Mahek Tankarvi
**Address:** 37 The Beeches
Bolton, UK
BL1 7BS

**Phone:** +44 1204 591709
**E-mail:** ghazals@mahek.co.uk
**Website:** www.mahek.co.uk

**Typesetting and layout design:** Mahek Translation Service
Bolton, UK

**Original Publisher:** દેવદીપ પ્રકાશન
શ્રીરામ સોસાયટી, વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

# અ ર્પ ણ



પ્રેરણાદાયી

કોઈની આંખો, કોઈના હોઠ
કોઈની ઝુલ્ફો, કોઈના બોલ

- ને મધુર યાદો સાથે અર્પણ

## કાગળની ક્ષિતિજને પેલે પાર...

ગુજરાત બહાર વસતા, પરદેશમાં વસતા છતાં ગુજરાતી કવિતાના સર્જનદ્વારા ગુજરાત સાથે અને તે દ્વારા ગુર્જર કાવ્યરસિકો સાથે નાતો જાળવી રાખનારા કેટલાક સાહિત્યકારોમાં ભાઈ 'મહેક' ટંકારવી પણ એક છે. ૧૯૭૨માં તેમણે છેક બોલ્ટન (ઇંગ્લેન્ડથી) પ્યાસ નામે ગઝલસંગ્રહ પ્રગટ કરેલો. આઠ વર્ષ પછી 'ગુલોની પત્તી પત્તીને નવા રંગે ચીતરવી છે' એવા તાજા જ ઉત્સાહ સાથે તલાશ સંગ્રહ લઈ આપણી સમક્ષ આવે છે. છેલ્લાં બાર તેર વર્ષથી પરદેશમાં રહીને પણ મહેક ટંકારવીએ ગુજરાતી કવિતાનો રિયાઝ પૂરી ધગશથી જાળવી રાખ્યો છે. કવિ આત્મશ્રદ્ધાપૂર્વક કહે છે કે :

'એમાં ભળ્યો છે રંગ અમારા જ લોહીનો<br>
ના કેમ ગુલાબોથી ચમન ઝળહળી ઊઠે'

અહીં જે રચનાઓ ગ્રંથસ્થ થઈ છે તેમાં ગઝલ છે અને નઝમ પણ છે; અછાંદસ રચનાઓ છે અને મુક્તકો છે. લઘુકાવ્યોનો પણ એક વિભાગ છે. અંધકાર અને ઘુવડનાં કલ્પનો લઈને ઘૂક કાવ્યો પણ લખાયાં છે; આમ છતાં તલાશ મહદંશે ગઝલસંગ્રહ છે. ગુજરાતી કવિતામાં અત્યારે ગીત અને ગઝલ કાવ્યસ્વરૂપ ભાવાભિવ્યક્તિની દૃષ્ટિએ અવનવી છટા દાખવી રહ્યું છે એટલે અંશે ગુજરાતી કવિતામાં દૃઢમૂલ થતું રહ્યું છે. નવાનવા ભાવસંદર્ભો અને અર્થસંકેતોની પ્રયોગશીલતા સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગઝલનું નવતર શિલ્પ કંડારી આપે છે. ઘણા સર્જકો ગઝલ પર હાથ અજમાવતા જોવા મળે છે એમાંથી થોડીક જ કલાગત શિલ્પ પ્રાપ્ત કરે છે, પરંતુ આખી રચના જ શા માટે, એની એક બે પાંદડીઓ પણ ચિરંજીવ મહેક ધારણ

કરતી હોય તો આપણને આવકાર્ય છે. ભાઈ મહેક એમની રીતે ગઝલની માવજત કરી રહ્યા છે. એમાં પરંપરામાં રહીને પણ અભિવ્યક્તિની તાજપ જોવા મળશે,

'કાગળની આ ક્ષિતિજને ઓળંગી જાય છે,
શબ્દો કદી કદી હવે તારી તલાશમાં'

ભાઈ મહેકની ગઝલોમાં ભાવસૃષ્ટિનું વૈવિધ્ય છે એ રીતે જોઇએ તો, તલાશમાં ધુમ્મસ, અમે, રસ્તા, લાગે, ઝળહળી ઊઠે, લોકો એવા રદીફવાળી રચનાઓ અવશ્ય નોંધપાત્ર છે. ધુમ્મસની સર્વસ્પર્શિતાનો અનુભવ નીચેની પંક્તિઓમાં સચોટ થાય છે :

'ગલીનાં મકાનોને પી જાય ધુમ્મસ,
નગરનાં નગર પણ ગળી જાય ધુમ્મસ'

*

ઘુવડ સાથે બેસી પાછે છાપરા પર
ન જાણે શી વાતો કરી જાય ધુમ્મસ.'

તલાશ સંગ્રહમાં ઘુવડ અને અંધકારને વિષય કરીને ઘણી રચનાઓ થઈ છે. ઘૂક કાવ્યે નો એક અલગ વિભાગ અહીં જોવા મળે છે, અંધકારની હિપ હિપ હુરર્રે...નું રમતિયાળપણું તરત મનમાં વસી જાય છે.

ગઝલ રચાતી હોય અને પ્રણયનો ભાવ કવિ ન આલેખે તો જ આશ્ચર્ય. લાગણીની નદી કેવી ખળભળી ઊઠે છે તે જુઓ :

'હોઠ ખોલું તો બધી સૃષ્ટિ બોલવા લાગે,
હું ગઝલ છેડું તો પ્રકૃતિ ઝોલવા લાગે.'

દિલદારની યાદને મમળાવતો કાવ્યનાયક કહે છે ·

'બસ એ રીતે જ ઘરમાં ઝગે યાદ આપની,
ઝુમ્મરની શાખે ભીંતનું મન ઝળહળી ઊઠે.'

*

'પ્રતીક્ષા એટલા માટે કરું છું હું વસંતોની,
વસંતોની હવાઓમાં તમારું આગમન લાગે'

પ્રકૃતિનિરૂપણ થાય છે ત્યારે પણ કોરી ચિત્રાત્મકતા નથી જોવા મળતી, અભિવ્યક્તિની તાજગી એમાં ભળે છે અને તેથી આખીયે રચના રસાવહ બને છે :

'બર્ફિલી ઠંડીમાં ધોળી
ચાદર તાણી સૂતા રસ્તા'

*

'શહેરી કોલાહલથી ત્રાસી
વનમાં પાછા ફરતા રસ્તા.'

લોકો અને સૂરજ જેવી રચનાઓ ટૂંકા લયવાળી સુગ્રથિત રચનાઓ છે :

'ખાતા, પીતા, હસતા લોકો
શહેર-શહેર કે રમતા લોકો'

*

'લોકોને છેતરવા શોધે
કેવા કેવા રસ્તા લોકો.'

શહેરી સભ્યતા ધરાવતા લોકોનું, થોડુંક બોલકું, છતાં એ તાદૃશ ચિત્ર છે. કટાવનો ટુકડા લય અભિવ્યક્તિને કેવી ધાર અર્પે છે તે નીચેના ઉદાહરણથી સ્પષ્ટ થશે :

પગરવ પગરવ
સંભવ સંભવ
સાચવ સાચવ

આ ભવ આ ભવ
જ્યાં દેખું ત્યાં
પરભવ પરભવ

નાદ–લયપ્રધાન આ રચનામાં લોકો રચનાની જેમ શહેરી સભ્યતાના નિરૂપણનો ધ્વનિપૂર્ણ હેતુ કવિ સિદ્ધ કરી શક્યા છે.

અછાંદસ રચનાઓમાં ક્રિસમસ કાર્ડ અંતની સચોટતાને લીધે યાદ રહી જાય તેવી બની છે; આમ છતાં એને વધુ ધ્વન્યાત્મક બનાવી શકાઈ હોત. પ્રાઉડ–પરેડ બોલકી રચના બની ગઈ છે. નઝમોમાં કવિને જે કહેવું છે, તે બયાન બની જાય છે, કવિતા સુધી પહોંચતું નથી.

સર્જકના લોહીનો રંગ ભળેલો છે એથી ગુલાબોનું ચમન અવશ્ય મ્હેંકી ઊઠ્યું છે. તલાશ સંગ્રહ નિમિત્તે ભાઈ મહેકની કાવ્યસાધનાને આવકારું છું.

જયપ્રકાશ જન્મદિન, '૮૦
વલ્લભવિદ્યાનગર

રમેશ એમ. ત્રિવેદી

# તલાશ કવિતાની

એક નમતી સાંજે ભાઈશ્રી અદમ ટંકારવી અને રાજેન્દ્રસિંહ જાડેજાએ વાતવાતમાં એમના કવિમિત્ર શ્રી મહેક ટંકારવીની કાવ્યપ્રવૃત્તિનો ઉલ્લેખ કર્યો. દૂર ઈંગ્લેન્ડની પરાઈ ધરતી અને પરાઈ સંસ્કૃતિ વચ્ચે રહેતા છતાં માતૃભાષામાં ગઝલો અને કાવ્યો રચવાની પ્રવૃત્તિ તેઓ કરી રહ્યા છે એ વાત જાણી કંઈક વિસ્મય પણ થયું અને કુતૂહલ પણ વધ્યું. 'પ્યાસ' નામનો તેમનો ગઝલસંગ્રહ આ અગાઉ પ્રગટ થઈ ચૂકયો હતો તેની વાત કરી તે સાથે જ તેમના નવા સંગ્રહ 'તલાશ'ની હસ્તપ્રત તૈયાર થઈ રહી છે તે વાત પણ કરી. જ્યાં ભૌતિક સુખસમૃદ્ધિ છલકાઈ રહી છે અને જ્યાં જઈ વસેલા લગભગ બધા જ ભારત-વાસીઓ પોતાપણું ભૂલી ત્યાંની સંસ્કારિતા અપનાવી રહ્યા છે, ત્યાં કોઈ ભારતીય નાગરિક કવિતાની—કવિતાના શબ્દની તલાશ કરતો રહે એ વસ્તુ મને ઠીક ઠીક રસમય લાગી. આવી પરિસ્થિતિમાં ગુજરાતનો કવિતાકાર કેવી સંવેદના ઝીલે છે, કેવો પ્રતિભાવ પાડે છે એ માટે મારી આતુરતા જાગી

અને, 'તલાશ'ની હસ્તપ્રતમાં મેં કવિતાની તલાશ કરી...

એમાં સત્ત્વસમૃદ્ધ રચનાઓ તો ખાસ ન મળી, પણ પોતાના મનની લાગણીઓને વ્યકત કરવા મથતા કવિવ્યકિતની ઝાંખી થઈ શકી. સંગ્રહમાં મોટા ભાગની રચનાઓ ગઝલ પ્રકારની છે, થોડીક અછાંદસ શૈલીની છે. એમાં સર્વત્ર અભિવ્યકિતની મથામણો તરત ધ્યાન ખેંચે છે. કાવ્યલેખક પોતાનાં ઓજારો સજી રહ્યો હોય એવી ઓળખ એમાં થાય. કદાચ શ્રી ટંકારવીને પોતાનો સાચો સ્વર ઓળખવાનું બન્યું નથી. કેટલીક સુભગ પંકિતઓ અહીંતહીં વેરાયેલી પડી છે તે પરથી અને કયારેક આખી રચના નિભાવી રહ્યા છે તે પરથી તેમની કવિતાની તલાશનો અણસાર મળે છે. નીચેની પંકિતઓથી મન ઠીક પ્રસન્ન બની જાય છે :

પ્રથમ એક પર એક ખડકાય ઈંટો
પછી કેદ ભીંતોમાં થઈ જાય ઈંટો

*

દીવાલેથી તારી છબી જો ખસેડું
સજળ થઈને ખળખળ વહી જાય ઈંટો.

'ઘૂવડ' વિશેની નીચેની કૃતિ પણ ઠીક ધ્યાન ખેંચી રહે છે:

આજ ધુવડને શું સૂઝયું
કે
ચડી છાપરે
મારા ઘરના
અડધી રાતે
ચીમની વાટે
કાળા કાળા
ટાઢા ટાઢા
અંધકારની છાલક મારી
(એક સામટી બે–ત્રણ છાલક)
મારા ઘરમાં
આજ ધુવડને શું સૂઝયું
કે......

પોતાના ચિત્તમાં ઘડાયેલો શબ્દ જો કવિને હાથ લાગે તો તેનો સ્વર રણકી ઊઠી શકે ખરો પ્રશ્ન છે પોતે સર્જેલા શબ્દની ખોજનો.

શ્રી મહેકને ખોજની દિશા મળે એવી લાગણી અહીં પ્રગટ કરું છું.

**પ્રમોદકુમાર પટેલ**

# કઈ ગઝલ કયા પાને...


1. મુક્તક:............................12
2. તારી તલાશમાં.....................15
3. મૃગજળથી ભીંજાયા કરે..........16
4. ધુમ્મસ.............................17
5. ગણી ગણી થાકયો................18
6. સતત પર્ણ ખરે.....................19
7. પલળવું છે..........................20
8. ભયભીત છું.........................21
9. ખીલતું નથી હવે..................22
10. શું કરૂં?.............................23
11. ઈચ્છાઓના દરિયા અમે.........24
12. તું જ્યાંથી પસાર થાય............25
13. માથું જ ઘસ્યા કરે છે.............26
14. દરિયો સુકાય ના..................27
15. મારું મકાન.........................28
16. સળવળ્યા રસ્તા...................29
17. એક કેદખાનું છે...................30
18. રસ્તાઓ ચાલવા લાગે............31
19. ગમે તેમ કરો પણ................32
20. દુનિયા રેનબસેરા હૈ.............33
21. ઝળહળી લઈએ...................34
22. નામ લીધું પ્યારનું................35
23. ગુફ્તગો............................36
24. વતન ભણી.........................37
25. ઝળહળી ઊઠે......................38
26. બોલી શકું તો... ..................39
27. બે કદમ ચાલવાથી................40
28. છલકવા દો........................41
29. ડસતા લોકો.......................42
30. ઈન્તેજાર કરું......................43
31. જો મારું ચાલે તો.................44
32. સંભવ સંભવ......................45
33. ટૂંકો પાલવ.........................46
34. ...કે પછી વીરડી મળે............47
35. સૂરજ...............................48
36. વસતીમાં ના મળે ને..............49
37. સંકેલવાનું નામ...................50
38. આગમન લાગે....................51
39. ઓગળું છું.........................52
40. તડકામાં............................53
41. વીંટળાય છે........................54
42. વિસ્તરી શકતો નથી..............55
43. નિભાવ્યે જાઉં છું.................56
44. ...જિન્દગી એક પલાખું..........57
45. સવાર આવે છે....................58
46. બંદગી વિસ્તરે....................59
47. ઈંટો................................60
48. રોશનીની વાત ન કર............61
49. વતન માટે.........................62
50. ધર્મને નામે જ.....................64
51. કોમને પ્રશ્ન - ૧ ..................66
52. કોમને પ્રશ્ન - ૨ ..................68
53. હું જશ્ન મનાવું શી રીતે?........71
54. ઈજન..............................73
55. લઘુ કાવ્યો........................75
56. અછાંદસ...........................82
57. ઘૂક કાવ્યો.........................93

# મુકતક:

□

આનંદ હોય કે પછી મનમાં વિષાદ હોય
ખુશીઓનું ગીત હોય કે ગમની રૂદાદ હોય
અવસર ગમે તે હોય પરંતુ હ્રદય મહીં
તારો નિવાસ હોય અને તારી યાદ હોય

□

ત્યાગી સંસાર ને જતા રહીએ
છોડી ઘરબારને જતા રહીએ
જંગલોમાં કે પ્હાડની ટોચે
શોધવા પ્યારને જતા રહીએ

□

કદી રણની માફક સળગવું પડે છે
કદી ઝાંઝવા જેમ બળવું પડે છે
દશા થાય છે એવી અકસર પ્રણયમાં
ભટકવું પડે છે, રઝળવું પડે છે

□

જૂઠી ચાહતને હું સહી લઉં છું
નકલી રંગતને હું સહી લઉં છું
બેવફાઈ તો એની આદત છે
એની આદતને હું સહી લઉં છું

□

એવી રાહત ન જોઈએ મારે
એવી હાલત ન જોઈએ મારે
જે કરે તારી યાદથી ગાફિલ
એવી દોલત ન જોઈએ મારે

□

ગ્રહીને હાથ મારો સાથમાં તું ચાલવા લાગે
ન માંગું તે છતાં જે જોઇતું હો આપવા લાગે
તને ચાહું છું ને ચાહીશ અંતિમ શ્વાસ તક હું પણ-
મજા ત્યારે જ આવે તું ય મુજને ચાહવા લાગે

□

કશે ન લાગે એવા શૂન્ય મારા ધ્યાન મહીં
ઉદાસ દિલના આ મૂરઝાયેલા ઉદ્યાન મહીં
તમારી યાદ વસી ગઇ એ રીતે આવીને
વસંત જેમ વસી જાય કો વેરાન મહીં

□

દિલ ન જે ભૂલી શકે તે વાત આપી જાય છે
નીંદ પણ આવે ન એવી રાત આપી જાય છે
ઉમ્રભર ના થઇ શકે જેનો વળી કંઇ પણ ઇલાજ
આપનો ઈન્કાર તે આઘાત આપી જાય છે

□

ન તૂટે છે સંબંધ જે તોડવાથી
ને આદત ન છૂટે છે જે છોડવાથી
તે આદત છૂટી ગઇ, સંબંધો ય તૂટયા
ફકત આપનાથી સંબંધ જોડવાથી

□

પછી તું હાથને રોકી શકે છે કઇ રીતે કહેજે
પછી તું હોઠને સીવી શકે છે કઇ રીતે કહેજે
સતત તોળાય તારા માથા પર તલવાર જુલ્મીની
પછી તું ચેનથી જીવી શકે છે કઇ રીતે કહેજે

□

સમયની લગાડી ભસમ તે છતાં પણ
ને ધીરજ નું ઘસ્યું મલમ તે છતાં પણ
જે મિત્રોએ દીધા જખમ તે ન રૂઝયા
થયો પૂરો આખો જનમ તે છતાં પણ

□

જઇ આવ્યા કાશી, હરમ તે છતાં પણ
ભજ્યા દેવ, પૂજ્યા સનમ તે છતાં પણ
કહો શું થયું કેમ મુક્તિ મળી ના
તમે ખૂબ પાળ્યો ધરમ તે છતાં પણ

□

હું જ સારસ-બેલડીની પ્રીત છું
હું જ કોકિલ-કંઠનું સંગીત છું
હું જ લહેરાઉં છું લીલી સીમમાં
હું જ લણનારીનું લીલું ગીત છું

□

અર્થનો આકાર પણ બદલાય છે
અર્થ ધીમે ધીમે ચપટો થાય છે
શબ્દમાં ભર્યો નવો રણકાર તો-
આખરે લ્યો અર્થ બોદો થાય છે

□

અર્થ તો અવકાશમાં અટવાય છે
અર્થ જઇ પાતાળમાં સંતાય છે
શોધશો કયાં આપ એને, અર્થ તો-
શબ્દના જંગલ મહીં ખોવાય છે

## તારી તલાશમાં

વીતે છે જિન્દગી હવે તારી તલાશમાં
કુરબાન હર ઘડી હવે તારી તલાશમાં

કાગળની આ ક્ષિતિજને ઓળંગી જાય છે
શબ્દો કદી કદી હવે તારી તલાશમાં

પગલાં થશેની શકયતાનો છે પ્રસંગ રાત
પથરાય ચાંદની હવે તારી તલાશમાં

આકાશ છે અપલક ને અનિમેષ છે ધરતી
છે કોણ જે નથી હવે તારી તલાશમાં

નીકળીને પહાડથી જુઓ આગળ વધી રહી
ખળખળ વહે નદી હવે તારી તલાશમાં

ખામોશ રાતની આ દુઆઓ ને બંદગી
આંસુની આ ઝડી હવે તારી તલાશમાં

## મૃગજળથી ભીંજાયા કરે

આંખની ચોપાસ એક આકાર પંછાયા કરે
તું ન હો સામે છતાં ય તું જ દેખાયા કરે

એટલે ઓઢી ઉદાસી આંખ મીંચી લે છે એ
પિંજરામાં પંખીને આકાશ દેખાયા કરે

આ નહીં, પેલું નહીં, કૈં પણ નહીં ને તે છતાં
હોવું ના આભાસ વચ્ચે જીવ ગુંગળાયા કરે

કયાં સુધી રંગીશ એના રંગમાં નિજને કહે
અહીં તો દુનિયાના પળેપળ રંગ બદલાયા કરે

ધોધની વચ્ચે કરુણાના સદા કોરો રહે
ને તું સદીઓથી 'મહેક' મૃગજળથી ભીંજાયા કરે

## ધુમ્મસ

ગલીનાં મકાનોને પી જાય ધુમ્મસ
નગરનાં નગર પણ ગળી જાય ધુમ્મસ

મને જોઇ મ્હોં ફેરવી જાય ધુમ્મસ
કશું ધૂંધળાળું બકી જાય ધુમ્મસ

ખુદા જાણે એ કયાંથી આવી ચડી ને
ઘડીમાં બધે વિસ્તરી જાય ધુમ્મસ

અડપલું કરે જો હવા ભીની ભીની
તરત ભેજવાળું બની જાય ધુમ્મસ

ઘુવડ સાથે બેસી પણે છાપરા પર
ન જાણે શી વાતો કરી જાય ધુમ્મસ

મળી જાય સંગાથ અંધારનો જો
તો મૂર્છાથી મેલું બની જાય ધુમ્મસ

બધું આંખ સામેથી થઇ જાય ગાયબ
અગર ચોતરફ આ ધસી જાય ધુમ્મસ

## ગણી ગણી થાકયો

તમારી યાદના પડઘા સુણી સુણી થાકયો
વિરહની રાતમાં તારા ગણી ગણી થાકયો

ને તે છતાંય બનાવી શકયો ન તારી છબી
હું કલ્પનાઓના તંતુ વણી વણી થાકયો

અભણ શહેરમાં મળ્યો ન ઢાઈ અક્ષર પણ
સડકની પોથીઓ હું તો ભણી ભણી થાકયો

ગણી શકયો ન છતાં ઉમ્રભર કદી એને
કૃપાઓ એમની હું તો ગણી ગણી થાકયો

હથેળી આજ પણ છે રણ સમી કોરી જ 'મહેક'
હું હોઈ શકવાના જખ્મો ખણી ખણી થાકયો

## સતત પર્ણ ખરે

અશ્વ ઈચ્છાના અશ્વમેઘ કરે
મત્સ્ય દેખે ને તરત વેધ કરે

મુજથી અણજાણ આ મારો ચ્હેરો
વ્યર્થ દર્પણને કોઇ સામે ધરે

છાયાઓનું નગર ભયાવહ રાત
લોક એને ય દિવસ કહેતા ફરે

છે ક્ષણોનાં ચરણ અતિ કોમળ
આંખ સામેથી એક સ્વપ્ન સરે

પાનખર હો કે હો સ્પર્શ 'મહેક'
કોઈ પણ રૂપે સતત પર્ણ ખરે

## પલળવું છે

પ્રેમની આગમાં પ્રજળવું છે
મીણ થઈ આજ તો પીગળવું છે

દૂર સૌ આવરણ કરી નાંખી
સ્નેહ વરસાદમાં પલળવું છે

આખું આકાશ એક પગલામાં
દોસ્ત, મારે કયાં પાછા વળવું છે

મારે કરવા છે કંઈ ખુલાસાઓ
શત્રુને જઈને આજ મળવું છે

આમ તો એક પીંડ માટીનો
એને બ્રહ્માંડ થઈને ઢળવું છે

છે 'મહેક' નામનું એ તો બિન્દુ
એને સિન્ધુમાં જઈને ભળવું છે

## ભયભીત છું

જાઝ કહે છે જેને તે સંગીત છું
કોઇ હબસીનું સીસમિયું ગીત છું

કયાં ઉગમની છે ખબર કંઇ પણ મને
કેંક સૈકાઓથી વિકેન્દ્રિત છું

સ્હેજ પણ ચસવું હવે મુશ્કેલ છે
ભીંતના પેટાળમાંની ઈંટ છું

એને પહેરીને હજી ફર્યા કરું
તેં જે સપનામાં કર્યું તે સ્મિત છું

અર્વાચીનતાની સજા પામ્યો ‘મહેક’
બ્હાવરો છું, ક્ષુબ્ધ છું, ભયભીત છું

## ખીલતું નથી હવે

ઓઢીને તારલાઓ ચમકતું નથી હવે
પ્હેરીને ચાંદની કોઇ હસતું નથી હવે

જે જીવતો હતો તે ઝરૂખો મરી ગયો
બેસીને એમાં રૂપ ઝબકતું નથી હવે

એના મહીંથી ઊડી ગયું છે પતંગિયું
મન રૂપરંગ જોઇ ઊછળતું નથી હવે

એવી તો વાસ્તવિક્તા વસી ગઇ નજર મહીં
આંખોમાં એકે સ્વપ્ન ફરકતું નથી હવે

મળશે ન કયાંય આપને સંબંધની સુવાસ
એ નામનું ગુલાબ તો ખીલતું નથી હવે

એકલતાનો પહાડ ઉપાડી ફર્યા કરું
શિખર આ ક્ષુબ્ધતાનું પીગળતું નથી હવે

## શું કરૂં?

સ્વપ્નમાં થઈ જાય પૂરો આખો આ ભવ, શું કરૂં
ને પરોઢે ના મળે મુજને જો પગરવ, શું કરૂં

એટલે થીજી ગયાં છે આંખમાં આવીને એ
આંસુઓ માંગે છે બસ તારો જ પાલવ, શું કરૂં

સાવ બહેરું થઈ ગયું વાતાવરણ ને તે છતાં
ટોડલે કા...કા કરે છે ખાલી સંભવ, શું કરૂં

જેને કે' છે પંખીઓનો દેશ ત્યાંથી આવું છું
કંઠમાં ડૂસકાં બની રુંધાય છે રવ, શું કરૂં

ભીંત વગરનું ઘર બનાવીને જ રહેવું'તું 'મહેક'
ચારે બાજુ ભીંત થઈ ફેલાયો કાદવ, શું કરૂં

## ઈચ્છાઓના દરિયા અમે

એ રીતે કર્યા તમારાથી અલગ રસ્તા અમે
શહેર છોડી સીમમાં જઈને હવે વસતા અમે

આદમી સમજી અમોને આવશો નજદીક ના
ડાકણો ડર્યા કરે જેનાથી તે છાયા અમે

એક પળ માટે કહી છૂટા પડયા'તા આપથી
તે પછી યુગો સુધી ફરતા રહ્યા તન્હા અમે

ના, ઉલેચી નહીં શકો એને તમે કયારેય પણ
ના કદી સુકાય તે ઈચ્છાઓના દરિયા અમે

સીમથી છેટા થયા તેથી 'મહેક' શું થઈ ગયું
સીમનાં સસલાં અમે, ડૂંડાં અમે, શેઢા અમે

## તું જ્યાંથી પસાર થાય

સૂરજ શીતળતા વાય, તું જ્યાંથી પસાર થાય
પર્ણો સજીવન થાય, તું જ્યાંથી પસાર થાય

સૂક્કી અશકયતાઓની પડતર જમીનમાં
સંભવને વાવી જાય, તું જ્યાંથી પસાર થાય

ત્યાં શૂન્યતાનું શહેર બધું ખળભળી ઊઠે
એક નાદ વ્યાપી જાય, તું જ્યાંથી પસાર થાય

જેને સમયનો હાથ ન ભૂંસી શકે કદી
પગલાં તે પાડી જાય, તું જ્યાંથી પસાર થાય

ખાલીપણાનું ખોળિયું કંપી ઊઠે, મહીં
એક શ્વાસ રોપી જાય, તું જ્યાંથી પસાર થાય

## માથું જ ઘસ્યા કરે છે

હજી દિલ મહીં દર્દ વસ્યા કરે છે
હજી યાદના સર્પ ડસ્યા કરે છે

હજી પણ પ્રલોભનને ટાળી શકે ના
હજી જાળમાં મીન ફસ્યા કરે છે

અજાણ્યો નથી આમ તો હું છતાંયે
મને જોઈને શ્વાન ભસ્યા કરે છે

વિસામે છે વણઝાર યાદોની દિલમાં
નવું એક નગર રોજ વસ્યા કરે છે

અજબ છે કે કરવું તો છે સાફ દિલને
અને લોક માથું જ ઘસ્યા કરે છે

'મહેક' કોઈની છું ખુશીનું હું કારણ
મને જોઈને કોઈ હસ્યા કરે છે

## દરિયો સુકાય ના

ચાલ્યા કરો છતાં કશે પહોંચી શકાય ના
રસ્તા છે એવા પાછા પણ જ્યાંથી વળાય ના

એમાંથી પેદા થાય છે બીજા ઘણાં સવાલ
ઉત્તર તમારા પ્રશ્નનો આપી શકાય ના

આ ઘાસ લીલુંછમ, નદી, આ સીમ, આ શેઢા
આ ઘર, કવિ, માણસ કશું સ્પર્શ થાય ના

તારો મુલક આ કઇ રીતે ઝળહળતો છે કહે
માણસના જેવું તો અહીં કયાંયે જણાય ના

આ રણ વિયોગનું ભલેને વિસ્તર્યા કરે
મનમાં આ તારી યાદનો દરિયો સુકાય ના

## મારું મકાન

ધૂળમાં, ધુમ્મસમાં મેલું થાય છે મારું મકાન
ને કદી વરસાદમાં ધોવાય છે મારું મકાન

હું રહું પૂરાયેલો એમાં અહર્નિશ તે છતાં
શોધમાં મારી જ નીકળી જાય છે મારું મકાન

એ મને શોધે અને એને હું બસ શોધ્યા કરું
હું જડું ક્યારેક તો ખોવાય છે મારું મકાન

એના મનમાં એમ કે બસ હું સતત બોલ્યા કરું
હું રહું જો મૌન તો અકળાય છે મારું મકાન

બહાર અંધારામાં શીતળ શૂન્યતા વ્યાપી જતાં
શ્વેત ચાદર ઓઢીને સૂઇ જાય છે મારું મકાન

અધખૂલી બારી મહીંથી જો કદી ડોકાય તો
ભેટવા કિરણને દોડી જાય છે મારું મકાન

એને હૈયે પણ વસી ગઇ આખરે સંવેદના
આંસુઓ હું સારું તો ભીંજાય છે મારું મકાન

## સળવળ્યા રસ્તા

લાંબા રસ્તા, ટૂંકા રસ્તા
સીધા, વાંકાચૂકા રસ્તા

માણસને છેતરવા માણસ
શોધે આડાઅવળા રસ્તા

બર્ફિલી ઠંડીમાં ધોળી
ચાદર તાણી સૂતા રસ્તા

ચાલો, ચરણ ઉપાડો સાથી
રાહ નિહાળી રહ્યા રસ્તા

શ્હેરી કોલાહલથી ત્રાસી
વનમાં પાછા ફરતા રસ્તા

કોનાં પગલાંઓને શોધે
જંગલ જંગલ ભમતા રસ્તા

કોના ચરણોના સ્પર્શે
આજ બધા સળવળ્યા રસ્તા?

## એક કેદખાનું છે

બિછાવે જાળ ખુદ માળી, ચમન એક કેદખાનું છે
ઊડી જાઓ હે પંખી, ઉપવન એક કેદખાનું છે

તિમિરમાં એ રીતે પણ બે ઘડી તો રોશની થાશે
ખરી જાઓ સિતારાઓ, ગગન એક કેદખાનું છે

રહું બંધાયેલો હું ઉમ્રભર સંબંધ-ગાંઠોથી
વિચારૂં છું તો આ મારું સદન એક કેદખાનું છે

જકડતી જંજીરો, રસ્મોની પાબંદી, આ પહેરાઓ
બીજું કંઇ પણ નથી, આ અંજુમન એક કેદખાનું છે

મળે જો એમનો પાલવ તો વહી જાઓ હે આંસુઓ
નયનમાં રહીને શું કરશો, નયન એક કેદખાનું છે

## રસ્તાઓ ચાલવા લાગે

હોઠ ખોલું તો બધી સૃષ્ટિ બોલવા લાગે
હું ગઝલ છેડું તો પ્રકૃતિ ઝોલવા લાગે

એમ ઉપવન મહીં ગૂંજી ઊઠે મારાં ગીતો
ગીત હું ગાઉં બધાં પંખી ઝીલવા લાગે

જાણે બેઠા છે એ મારી જ રાહ જોઈને
હું જો ચાલું તો આ રસ્તાઓ ચાલવા લાગે

સામે આવીને મને ભેટી જાય ક્ષિતિજો
માર્ગ ભૂલું તો દિશાઓ હિંડોલવા લાગે

તું જો વર્તનમાં કરી લે જરા પરિવર્તન
તું જો બદલે તો જમાનો ય બદલવા લાગે

## ગમે તેમ કરો પણ

થંભે કદી ન કાળ, ગમે તેમ કરો પણ
ભરતો રહે છે ફાળ, ગમે તેમ કરો પણ

બચવાના લાખ યત્ન કરો તો ય શું થયું
વીંટળાય માયાજાળ, ગમે તેમ કરો પણ

આ શ્વાસ તૂટી જાય ના જળની તલાશમાં
રોકો આ હરણ-ફાળ, ગમે તેમ કરો પણ

નિજ ફૂલના, ફળોના વજનથી જ આખરે
નીચે નમે છે ડાળ, ગમે તેમ કરો પણ

પૂરું થયું ચઢાણ લો જીવનની રાહનું
આગળ હવે છે ઢાળ, ગમે તેમ કરો પણ

## દુનિયા રેનબસેરા હૈ

એક મુસાફર છું હું, ધર્મશાળા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું
બે ઘડી છે ઉતારો, ઉતારા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

જેને ધોખો કહે છે એ ધોખા વિષે
વાત હું શું કરૂં ફાની દુનિયા વિષે
એક તમાશો છે દુનિયા તમાશા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

હું તો મઝધારને ચાહનારો રહ્યો
જિંદગી મારી મઝધારમાં મોત પણ
શાંત સાગરના સૂના કિનારા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

સોના ચાંદીની જાગીરથી પણ વધુ
ગમની દોલત મળી છે મને ભાગ્યમાં
વિશ્વના કોઇ કીમતી ખજાના મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

દિલ હતું, લઇ લીધું તેં જ કામણ કરી
ને કર્યો તેં દીવાનો મને પ્રેમનો
લે હવે તારા વિણ કોઇ બીજા મહીં
જીવ મારો ન લાગે તો હું શું કરું

## ઝળહળી લઈએ

દીપ થઈ રાતમાં બળી લઈએ
આગિયા થઈને ઝળહળી લઈએ

થઈ ઝરણ આપણે વહી લઈએ
ઠોકરો રાહની સહી લઈએ

પ્રેમની ઈબ્તિદા કરી લઈએ
દિલ વફાદારીથી ભરી લઈએ

હાથમાં હાથને ગ્રહી લઈએ
દિલની વાતો બધી કહી લઈએ

પ્રેમમાં એમ પણ જીવી લઈએ
હોઠ સીવવા પડે, સીવી લઈએ

ચાલો સંસારને ત્યાગીને 'મહેક'
નામ કિરતારનું ભજી લઈએ

## નામ લીધું પ્યારનું

નામ લીધું મેં વફાનું, પ્યારનું
થઇ ગયું ફૂલોનું જીવન, ખારનું

સાંભરી પહેલા પ્રણયની એક ઘડી
ફૂલ ફરકતું થઇ ગયું ગુલઝારનું

રાત પોઢી ગઇ નિરાંતે કયારની
વસ્ત્ર ઓઢીને ગહન અંધારનું

મોજાંઓ, ના લઇ જશો સાહિલ તરફ
રાસ છે જીવન મને મઝધારનું

જળને ત્યાગી રણ મહીં આવ્યા છતાં
મનકમળ ભીનું ઢળે છે કયારનું

## ગુફતગો

વહેતા પવનની સાથ થતી રણની ગુફતગો
હું સાંભળી લઉં છું રેતકણની ગુફતગો

માટી વતનની આજ કશું એ રીતે કહે
પરદેશે પગલું સાંભળે કણ-કણની ગુફતગો

મહેલોના ખંડિયેરમાં પડઘાય છે હજી
અંતિમ પ્રહરના ભેદની, ક્ષણ ક્ષણની ગુફતગો

સાંભળજો ગોધૂલિ સમે જો તક મળે કદી
પાછા ફરી રહેલ એ ગોધણની ગુફતગો

કયારેક સાંભળી અને સમજી શકું 'મહેક'
ટક ટક કરી પસાર થતી ક્ષણની ગુફતગો

## વતન ભણી

મન દોડી જાય છોડીને ઘર ઉપવન ભણી
ચરણો ઝરણ બનીને વહી જાય વન ભણી

ભટકી જવાના ભયથી હું નિર્ભય બની ગયો
પગલાં જ ખુદ વળે છે હવે તુજ સદન ભણી

દૃષ્ટિની અલ્પતા, અરે કેવી આ હાય હાય
નિરખી શકયો ન આપના ખુલ્લા વદન ભણી

મળ્યું ન એને કયાંય ધરા પર સુકૂને દિલ
તેથી તો જાય છે હવે માનવ ગગન ભણી

મારી નજરનો હોઈ શકે છે ફરેબ આ
જોઉં છું ઘરને તો કદી એના વદન ભણી

પૂરો થયો ‘મહેક’ આ પરદેશનો નિવાસ
ચાલો, કરો પ્રયાણ હવે નિજ વતન ભણી

## ઝળહળી ઊઠે

તારાઓથી અમાસી ગગન ઝળહળી ઊઠે
યાદો વસો અહીં કે આ મન ઝળહળી ઊઠે

આકાશ ઝળહળી ઊઠે ઝબકારે વીજના
પગલાં થશેની આશથી મન ઝળહળી ઊઠે

દર્શનની આપના હું ફકત કલ્પના કરું
આંખોમાં કેટલાંયે સપન ઝળહળી ઊઠે

બસ એ રીતે જ ઘરમાં ઝગે યાદ આપની
ઝુમ્મરની શાખે ભીંતનું તન ઝળહળી ઊઠે

એમાં ભળ્યો છે રંગ અમારા જ લોહીનો
ના કેમ ગુલાબોથી ચમન ઝળહળી ઊઠે

સાન્નિધ્યમાં ગુજારી'તી એકાદ ક્ષણ 'મહેક'
જ્યારે કરું છું યાદ સદન ઝળહળી ઊઠે

## બોલી શકું તો...

ક્ષણોના પહાડોને ખોદી શકું તો
સમયનો સમંદર ઊલેચી શકું તો

વસન્તે સજીવન થતાં વૃક્ષ માફક
નવેસરથી હું પણ જો જીવી શકું તો

હું મર્મર ભરેલાં આ વૃક્ષોની ભાષા
સરળતાથી સમજી ને બોલી શકું તો

પછી આપ છોને રહો પડદા પાછળ
હું પડદાઓ પાછળનું દેખી શકું તો

બરફ કે પછી તમને વરસાદ રોકે
જવાથી હું તમને ન રોકી શકું તો

## બે કદમ ચાલવાથી

ન સમજે પછી લાખ સમજાવવાથી
એ રૂઠે તો બોલે ન બોલાવવાથી

મનાવવાથી એ ના કદી મુજને રોકે
ન હું એને રોકું કદી રૂઠવાથી

સજીવન બની જાય છે ઈંટ-પથ્થર
દીવાલે છબી આપની ટાંગવાથી

હું તેથી જ દીવા બુઝાવી દઉં છું
ઝગી જાય ઘર આપના આવવાથી

ન જાઓ કે ખાલી થશે વિશ્વ આખું
ફકત આપના એક ચાલી જવાથી

'મહેક' પર જો વરસે કૃપા એમની તો
ક્ષિતિજો વટે બે કદમ ચાલવાથી

## છલકવા દો

એક તીર કલેજામાં ખટકે છે, ખટકવા દો
ને લોહી જખમમાંથી ટપકે છે, ટપકવા દો

હું છું ઉદાસ એમાં ના દોષ એમનો છે
આકાશમાં સિતારા મલકે છે, મલકવા દો

એના લીધે જ તો છે અસ્તિત્વ મારું કાયમ
દિલમાં તમારી યાદો ધડકે છે, ધડકવા દો

ના વાત એ કરે છે, ના વાત સાંભળે છે
એની છબી દીવાલે લટકે છે, લટકવા દો

રેતીના ઢગ ઉપર હું બેસી ગયો છું અન્તે
ધીમેથી એ હવે જો સરકે છે, સરકવા દો

છે આગમન 'મહેક'નું, ઉપવનમાં ખુશી વ્યાપી
ફૂલોના રંગ છલકે, છલકે છે, છલકવા દો

## ડસતા લોકો

શ્વાન બનીને ભસતા લોકો
સર્પ બનીને ડસતા લોકો

ખાતા, પીતા, હસતા લોકો
શહેર શહેર કૈં રમતા લોકો

ધરતીનું મન, ધરતીનું તન
કયાં કયાં જઈને વસતા લોકો

લોકોને છેતરવા શોધે
કેવા કેવા રસ્તા લોકો

હાથ 'મહેક' આવે મૃગજળ શું
દોડયા જાય અમસ્તા લોકો

## ઈન્તેજાર કરું

તમામ ભેટનો હું આપની સ્વીકાર કરું
મળે જો દર્દ તો હું દર્દથી યે પ્યાર કરું

કદી થઇ જાય જો દર્શન તમારું એ રીતે
તો હું ખુશીથી કયામતનો ઈન્તેજાર કરું

મિલનની મહેંદીએ રંગાયેલી ક્ષણોને હું
જો હા કહો તો હથેળીમાં ગિરફતાર કરું

મુસીબતોમાં તો અકસર તું યાદ આવે છે
મુસીબતોથી પછી કેમ ના હું પ્યાર કરું

છું હું યે માનવી, ઉમ્મીદવાર માફીનો
ઘણી કરી છે મેં ભૂલો, હું એકરાર કરું

'મહેક' એથી વધીને તો એને શું આપું
હું મારા દર્દમાં એને યે ભાગીદાર કરું

## જો મારું ચાલે તો

ઘરોનો ત્યાગ કરાવું જો મારું ચાલે તો
વનોમાં લોક વસાવું જો મારું ચાલે તો

કે એમને યે તો જોવા મળે વસન્ત કદી
રણોને બાગ બનાવું જો મારું ચાલે તો

બધાયે અક્ષરો બારાખડીના છોડીને
અઢી અક્ષર હું ભણાવું જો મારું ચાલે તો

એ જંગલોમાં તો નાચ્યા કરે છે વરસોથી
દર્પણે મોર નચાવું જો મારું ચાલે તો

શબ્દના જામને સામેથી ખસેડીને 'મહેક'
અર્થને હોશમાં લાવું જો મારું ચાલે તો

## સંભવ સંભવ

પગરવ પગરવ
સંભવ સંભવ

સાચવ સાચવ
આ ભવ આ ભવ

જ્યાં દેખું ત્યાં
પરભવ પરભવ

ભીનો ભરચક
કલરવ કલરવ

આંખ ફરે ત્યાં
આસવ આસવ

શેખ શરાબી?
સંભવ સંભવ

## ટૂંકો પાલવ

એનો પગરવ
મીઠો કલરવ

ફૂલ ઘણાં છે
ટૂંકો પાલવ

શોધું છું હું
સાચો માનવ

શ્વાસે શ્વાસે
મોતનો સંભવ

પી લે પી લે
ક્ષણનો આસવ

આંસુ શોધે
કોનો પાલવ

## ...કે પછી વીરડી મળે

માગું છું હું કે ફૂલ-પવનની યુતિ મળે
બસ છે, સુગંધવાળી મને જિંદગી મળે

જેમાં હું નિજને ઓળખું ડૂબીને મન મહીં
એકાદ એવી પણ અજાણી કો ઘડી મળે

હું પણ સમીપ આવી શકું તારી હે સનમ
કો' ઓલિયાના જેવી મને બંદગી મળે

રંગી લઉં હું તૃપ્તિથી આંખોને એકવાર
બસ એક ક્ષણ તમારા મિલનની કદી મળે

આઠે પ્રહર હું આપનું દર્શન કર્યા કરું
બીજું કશું નહીં તો તમારી છબી મળે

મળતી રહે ગગનને મળે છે જે રીતથી
હું ક્યાં ચહું છું નિત્ય મને ચાંદની મળે

રસ્તાઓનો રહ્યો ન હવે મારે ભેદભાવ
જે રસ્તે પણ હું જાઉં તમારી ગલી મળે

તરસ્યા કરે 'મહેક' આ રણમાં તો ક્યાં સુધી
કાં વાદળી મળે કે પછી વીરડી મળે

## સૂરજ

કેમ ફરે રઘવાયો સૂરજ
વાદળથી ગભરાયો સૂરજ

દરિયો આખો તરી જશે એ
તરણું થઇ તરણાયો સૂરજ

એને કયાં સંગાથ ગમે છે
નભમાં એકલવાયો સૂરજ

લોક રહ્યા એને જોતા ને-
દરિયા વચ્ચે ડૂબ્યો સૂરજ

અવકાશી પોથી ઊઘડી ને-
ઘર ઘરમાં વંચાયો સૂરજ

## વસતીમાં ના મળે ને...

વસતીમાં ના મળે ને મળી જાય એ રણમાં
યુગોમાં ના મળે ને મળી જાય એ ક્ષણમાં

દ્રષ્ટિ વિના તો થાય ના દર્શન પહાડમાં
દ્રષ્ટિ જો હોય છે તો એ દેખાય છે કણમાં

દુનિયાથી, એની રીતથી, રસ્મોથી, લોકથી
આવ્યો છું હું થાકીને ખુદા તારા શરણમાં

પીઉં ન કેમ એમાંથી પ્યાલા ભરી ભરી
કૃપા ભળી છે આપની ઝમઝમના ઝરણમાં

મકસદ હતો કે આપની સાથે રહી શકું
રજકણ બનીને ચોંટી ગયો તેથી ચરણમાં

એના મિલનની વાત વિગતવાર શું કહું
એ ભાન કયાં હતું કે રહે વાત સ્મરણમાં

પડયો છે ફેર એટલો કે ફેર ના રહ્યો
એક આપના વિના હવે જીવન કે મરણમાં

બાકી હતા જે સત્યના પડઘા શમી ગયા
હસ્યા કરે છે જૂઠ હવે વાતાવરણમાં

ભટકયા કરો છો ખૂબ ‘મહેક’ ધ્યાન રાખજો
ખોવાય ના જાઓ તમે ઈચ્છાઓના રણમાં

## સંકેલવાનું નામ

ખુશબો જે તારી લઈને ઊડે તે હવાનું નામ
શોધું છું કયારનો હું તેને આપવાનું નામ

એકે ન બંધબેસતું આવે છે ડાળ સંગ
શોધી રહ્યો છું ફૂલને સંબોધવાનું નામ

માળીની બદનજરનું પરિણામ જોઈ લો
લેતી નથી ચમનમાં કળી ખીલવાનું નામ

સારું થયું કે તેં જ બતાવી દીધું મને
કયાંથી હું લાવતે તને સંબોધવાનું નામ

આ જિંન્દગી તો એક અનામત છે શ્વાસની
પાછું પળે પળે છે કશું સોંપવાનું નામ

સમજી શકો 'મહેક' તો આ જિન્દગીની સાંજ
પાલવ જે પાથર્યો છે તે સંકેલવાનું નામ

## આગમન લાગે

ધરા પણ પારકી લાગે, પરાયું આ ગગન લાગે
ન જાણે કેમ પંખીને પરાયું આ ચમન લાગે

હવે વિકસે તો એવી ભાવના અંતર મહીં વિકસે
રહું જ્યાં ત્યાં જ ઘર લાગે, વસું હું ત્યાં વતન લાગે

ભલે એના ઉપર ખડકી દીધા હો દુ;ખ તણા પહાડો
અમારું મન છે એવું, ના કદી એને વજન લાગે

પ્રતીક્ષા એટલા માટે કરું છું હું વસન્તોની
વસન્તોની હવાઓમાં તમારું આગમન લાગે

રમી થાકે રમકડાંથી કો’ બાળક, એમ હું થાકયો
હવે ચીજોના ઢગલા વચ્ચે પણ મારું ન મન લાગે

## ઓગળું છું

ખયાલોના ઘોડે ચડી નીકળું છું
તને એ રીતે પણ હું આવી મળું છું

ન સહેવાય છે એકલી જાત જ્યારે
ઘડીભર હું ટોળા મહીં જઈ ભળું છું

ન પૂછો વિષય હોય છે શું ઈંટોનો
દીવાલોની વાતોને હું સાંભળું છું

ન ચમકે ભલે ચાંદ, સૂરજ ન સળગે
જીવન તેજમય લઈને હું ઝળહળું છું

ખડા થાય છે સેંકડો અંતરાયો
તમારી ગલીની દિશામાં વળું છું

'મહેક' એમના નામની ઉષ્ણતાએ
સતત મીણની જેમ હું ઓગળું છું

## તડકામાં

ગામમાં કે ન મળશે ફળિયામાં
જઈને શોધો મહેકને વગડામાં

સૂર્ય થંભી ગયો છે માથા પર
પીગળી હું રહ્યો છું તડકામાં

આપણા ક્ષયનું એ નિવારણ છે
શ્વાસ લઈએ ડૂબીને દરિયામાં

ચંદ્ર છોડી ન દે ચમકવાનું
આપ બેસી ન રહો ઝરૂખામાં

તમને દેખાય તે 'મહેક' નથી
કોક બીજું જ છે અરીસામાં

## વીંટળાય છે

તેં જે લખ્યું તે મને સમજાય છે
અંધ છું, પણ અક્ષરો વંચાય છે

એને કઇ રીતે તમે શોધી શકો
ખુદ જે પોતાનામાં ગુમ થઇ જાય છે

દોડવું પડતું નથી પાછળ હવે
મૃગજળો ખુદ હાથ આવી જાય છે

કઇ રીતે છોડીને આવું બ્હાર હું
ઘરની દીવાલો મને વીંટળાય છે

એને પીવામાં જરા જલ્દી કરો
શ્વાસનો દરિયો હવે સૂકાય છે

આ વિરહની સાવ સૂની વાવમાં
મૌનના જાળે 'મહેક' ગૂંથાય છે

## વિસ્તરી શકતો નથી

ખેતરી લીલાશ વચ્ચે હું ફરી શકતો નથી
ને સુગંધિત સીમ શ્વાસોમાં ભરી શકતો નથી

શહેરની સંકડાશમાં જીવું છું સંકોચાઈને
તારી માફક ચોતરફ હું વિસ્તરી શકતો નથી

મારા ઝગમગવાનો કોઈ અર્થ ના રહ્યો છતાં
હું સિતારા જેમ નભમાંથી ખરી શકતો નથી

વાસ્તવિકતા આંખ પણ ના મીંચવા દે છે મને
કોઈ મનગમતા સપનમાં હું સરી શકતો નથી

ભીંત પર ઘૂંટયા કરું છું નામ હું તારું હવે
સાવ કોરીકટ હથેળી કોતરી શકતો નથી

તારી ઝુલ્ફોની 'મહેક'ને પામું તો હું કઈ રીતે
હું પવનની લહેરખી થઈ ફરફરી શકતો નથી

## નિભાવ્યે જાઉં છું

છે નિરસ જીવન, હું જીવ્યે જાઉં છું
પાન સૂકકું છે, હું ચાવ્યે જાઉં છું

હું ય અન્તે શ્હેરવાસી થઇ ગયો
આંખ મીંચી હું યે દોડયે જાઉં છું

છે ભળી જાવું મહાસાગર મહીં
જળ છું હું, મુજને વહાવ્યે જાઉં છું

ના રહી સંબંધની ભીનાશ જ્યાં
લાગણીને ત્યાં વસાવ્યે જાઉં છું

તોડવું આદત નથી મારી 'મહેક'
કાચા સંદર્ભો નિભાવ્યે જાઉં છું

## ...જિન્દગી એક પલાખું

આ હથેળીમાં શું સરતું જાય છે
મન વિષે વેરાન વધતું જાય છે

શેર લીલાછમ કહી શકતો નથી
આ કલમમાં રણ વિકસતું જાય છે

વાયકા જૂઠી હતી એ તેજની
દીપકે અંધારું ખરતું જાય છે

એકથી તે સો સુધીની જિન્દગી
એક પલાખું છે, ઉકલતું જાય છે

શોધવા એકાંત ક્યાં જઈશું 'મહેક'
જ્યાં જુઓ ત્યાં શહેર વસતું જાય છે

## સવાર આવે છે

એ રીતે દિલને તો મારા કરાર આવે છે
હરેક પળ મને તારા વિચાર આવે છે

ન થા ઉદાસ હે મન, ઈન્તેજાર પૂરો થશે
હવે બદલાય છે ઋતુ બહાર આવે છે

હવે બીડાઈ ન જાઓ હે મારાં ચક્ષુઓ
પ્રતીક્ષા જેની હતી તે સવાર આવે છે

હતી જે ઉષ્ણતા ચાલી ગઈ યુગોમાંથી
ક્ષણો તો થઈને હવે ઠંડીગાર આવે છે

તું એને ચેનની ચાદર મહીં લપેટી લે
'મહેક' થઈને ઘણો બેકરાર આવે છે

## બંદગી વિસ્તરે

એટલી મારી દીવાનગી વિસ્તરે
જ્યાં ઉઠાવું નજર, તુજ ગલી વિસ્તરે

આપને જોઇને ચાંદ ઊગે અને-
આપ જ્યાં પણ વસો, ચાંદની વિસ્તરે

હું કશું બીજું માની લઉં હે સનમ
એટલી ના કદી દિલ્લગી વિસ્તરે

એક સિજદો બની જાય મારું જીવન
એટલી યા ખુદા બંદગી વિસ્તરે

જખ્મ ઉભરે અને દિલના દાગો જલે
એ રીતે પણ બધે રોશની વિસ્તરે

શું સમજવું અમારે 'મહેક' જો કદી
તારા વ્યાકુળ વદન પર ખુશી વિસ્તરે

## ઈંટો

પ્રથમ એક પર એક ખડકાય ઈંટો
પછી કેદ ભીંતોમાં થઈ જાય ઈંટો

દીવાલેથી તારી છબી જો ખસેડું-
સજળ થઈને ખળખળ વહી જાય ઈંટો

પથારીમાં હું ગણગણું જો કશું તો
તરત કાન દઈ સાંભળી જાય ઈંટો

ખમે ભાર વરસોના વરસો સુધી એ
ભલે કાચી માટીની ક્હેવાય ઈંટો

બધું ઈંટમય થઈ ગયું આખરે, લ્યો
નથી જ્યાં હવે ત્યાં યે દેખાય ઈંટો

ઈમારત બની જાય ખંડેર અંતે
કથારૂપ બાકી રહી જાય ઈંટો

## રોશનીની વાત ન કર

સમજશે કોઇ નહીં દિલ્લગીની વાત ન કર
સીવી લે હોઠ ખુશી કે ગમીની વાત ન કર

હું દિલનો, દર્દનો, ગમનો, જખમનો આશિક છું
નથી સબંધ ખુશીથી, ખુશીની વાત ન કર

બધાયે કુંડ અહીં લાગણીના સૂક્કા છે,
ન મળશે લાગણી તું લાગણીની વાત ન કર

એ અંધકારના દરિયાઓ પીને બેઠું છે
ઘુવડની સામે કદી રોશનીની વાત ન કર

બીજું કશું નથી એ તો છે કાચનું વાસણ
ઘડીમાં ફૂટી જશે, જિંદગીની વાત ન કર

ભરી ભરી હરિરસની મેં પ્યાલીઓ પીધી
તું મારી પાસે હવે મયકશીની વાત ન કર

ન જેમાં દિલ ઝૂકે મસ્તકની સાથ સાથ 'મહેક'
તું એવા સિજદા અને બંદગીની વાત ન કર

## વતન માટે

સિતારાઓ તો આખી રાત જાગે છે ગગન માટે
અને બુલબુલ ફના થઈ જાય છે એના ચમન માટે
શમાને જો, જલે છે રાતભર એ અંજુમન માટે
પતંગો જાન આપી દે છે દીપકના મિલન માટે
વિચારી જો કે તેં કર્યું છે શું તારા વતન માટે
અમે અર્પણ કરી દઈશું બધું વહાલા વતન માટે

મુહોબતની શમા દિલમાં અમે રોશન કરી લઈશું
વફાદારીની ખુશબોઓ અમે દિલમાં ભરી લઈશું
જરૂરત હોય તો કુરબાન તન, મન, ધન કરી લઈશું
વતનની ઉન્નતિ માટે જીવી લઈશું, મરી લઈશું
અમારું તન, અમારું મન, અમારું ધન વતન માટે
અમે અર્પણ કરી દઈશું બધું વહાલા વતન માટે

અમે બૂઝી ગયેલા દીપને પાછા જલાવીશું
અદાવત ભૂલી જઈને પ્યારના પુષ્પો ખીલાવીશું
ભલે કો’ પાથરે કાંટા, અમે ફૂલો બિછાવીશું
અમે માનવને સાચા અર્થમાં માનવ બનાવીશું
બધા મતભેદ ભૂલી એક થઈ જઈશું વતન માટે
અમે અર્પણ કરી દઈશું બધું વહાલા વતન માટે

બનીને બાગબાં આજે રહેવું છે ચમન માટે
સિતારા થઈને ઝગમગવું છે આજે તો ગગન માટે
હવે તો એકતા અપનાવવી છે અંજુમન માટે
અને કરવી છે કોશિશો હરીફોના પતન માટે
અમારા લોહીનું ટીપેટીપું એના જતન માટે
અમે અર્પણ કરી દઈશું બધું વહાલા વતન માટે

ઉદાસી ફૂલના ચહેરા ઉપરથી દૂર કરવી છે
ગુલોની પત્તી પત્તીને નવા રંગે ચીતરવી છે
કળીઓને અનોખી તાજગીની ભેટ ધરવી છે
એ નાજૂક પ્યાલીઓને સ્નેહના શબનમથી ભરવી છે
જિગરનું ખૂન પણ સીંચી અમે દઈશું ચમન માટે
અમે અર્પણ કરી દઈશું બધું વહાલા વતન માટે

દિલોમાં જ્યોત સેવા ત્યાગની નિત જલતી જોવી છે
ને નિર્મળ પ્રેમની ગંગા બધેબધ વહેતી જોવી છે
ચમનની હર કળીને ખીલતી, પાંગરતી જોવી છે
ને આંબાડાળે કોયલને ટહુકતી, ગાતી જોવી છે
એ જોવું છે મળે પંખીને આકાશ ઉડ્ડયન માટે
અમે અર્પણ કરી દઈશું બધું વહાલા વતન માટે

છે મારી આરઝુ કે તું રહે મુજ કલ્પનાઓમાં
ખયાલોમાં રહે તું, ને રહે તું ભાવનાઓમાં
બને એવું અહર્નિશ હું રહું તારા વિચારોમાં
ભૂલું ના હું તને મુજ બંદગીમાં ને દુઆઓમાં
નઝારો હોય તો તારો જ બસ મારા નયન માટે
અમે અર્પણ કરી દઈશું બધું વહાલા વતન માટે

હું દેખું સીમને, ને સીમનાં હરિયાળાં ખેતરને
અને હું સાંભળું પોપટને, કાબરને, કબુતરને
ખયાલોમાં ચૂમી લઉં તારી ગલીઓને, તરુવરને
જે રીતે ચૂમે છે આગોશમાં લઈ પ્રેમી દિલબરને
હું માંગું છું મળે તો ગોદ બસ તારી દફન માટે
અમે અર્પણ કરી દઈશું બધું વહાલા વતન માટે

## ધર્મને નામે જ...

વેર છે, કુસંપ છે, હિંસા છે, અત્યાચાર છે
ધર્મને નામે જ આજે થાય દુષ્ટાચાર છે
એટલે સુખચેનથી જીવવું અહીં દુશ્વાર છે
કોમવાદી રાક્ષસોના હાથમાં તલવાર છે

ધર્મને નામે જ કત્લેઆમ આરંભાય છે
સેંકડો નિર્દોષ નરનારીની હત્યા થાય છે
મા કોઇ જુલ્મીની બંદૂક ગોળીએ વીંધાય છે
બાળકોની ગરદનો ઉપર છૂરી મૂકાય છે
જ્યાં જુઓ ત્યાં બેકફન લાશોના ઢગ ખડકાય છે
ચોતરફ વાતાવરણ આહોમાં ડુબી જાય છે

એ નિસાસા, કાન જેને ના કદી સૂણી શકે
એ કયામત, આંખ જેને ના કદી દેખી શકે
જો ધરા એને નિહાળી લે તો એ ધ્રૂજી ઊઠે
આભ એને જોઇ લે તો આભ પણ ગર્જી ઊઠે

લોહીમાં તરફડતી લાશો યાદ આવી જાય છે
રક્તની વહેતી નદીઓ યાદ આવી જાય છે
બેરહમ જુલ્મીના હાથો યાદ આવી જાય છે
કંઇ નિરાધારોની આહો યાદ આવી જાય છે

દુર્દશા હમવતનીઓની આંખ સામે આવતાં
આજ પણ થઇ જાય છે ભીનું નયન પરદેશમાં
યાદ આવે છે મને મારું વતન પરદેશમાં

આજ જ્યારે ધર્મને, ઈમાનને ભૂલી જઈ
વેદને, ગીતા અને કુરઆનને ભૂલી જઈ
ક્રૂરતા જો આચરે છે માનવી માનવ ઉપર
કેમ ના રૂઠે અહીં કુદરત પછી એના ઉપર?
કેમ ના ધ્રૂજે ધરા ને કેમ ના રૂઠે ગગન?
કેમ જ્વાળાઓ ન સળગે ને બધે વરસે અગન?

કેમ આખાયે ચમનમાં આગ લાગી જાય ના?
ડાળ સળગે, પાન સળગે, ફૂલ સળગી જાય ના?
કેમ નદીઓના કિનારાઓ પછી છલકાય ના?
આર્તનાદો, આહ, નિશ્વાસો બધે સંભળાય ના?

જુલ્મ ને અન્યાય જ્યારે હદ વટાવી જાય છે
પાપ, અત્યાચાર જ્યારે ચોતરફ ફેલાય છે
થપ્પડો કુદરત તણા હાથોની માનવ ખાય છે
ને વહાવી આંસુઓ શરમાય છે, પસ્તાય છે

સાંભળીને કે દશા આવી જ થઈ મુજ દેશની
આજ પણ થઈ જાય છે અશ્રુવહન પરદેશમાં
યાદ આવે છે મને મારું વતન પરદેશમાં

## કોમને પ્રશ્ન - ૧

જે કરે છે રોજ વાતો કોમના ઉદ્ધારની
એમને કહેવી છે મારે વાત એક વહેવારની
ના જરૂરત તોપની છે કે નથી તલવારની
કોમને તો છે જરૂરત સંપની, સહકારની

આજ મારી કોમને લડતી ઝઘડતી જોઉં છું
આગમાં ઈર્ષ્યાની એને હું તો જલતી જોઉં છું
મુફલિસીમાં હાથ ફેલાવી રઝળતી જોઉં છું
ઉન્નતિમાંથી પતનમાં એને ઢળતી જોઉં છું

એ હતી ખુદ્દાર, મારી કોમને શું થઇ ગયું?
એ હતી દિલદાર, મારી કોમને શું થઇ ગયું?
ખૂબ ઈઝઝતદાર, મારી કોમને શું થઇ ગયું?
એ હતી હોશિયાર, મારી કોમને શું થઇ ગયું?

કોમ મારી પ્રેમને., ઈખલાસને ભૂલી ગઇ
ધર્મને, ઈમાનને, ઈતિહાસને ભૂલી ગઇ
નેક આદર્શો અને અખ્લાકને ભૂલી ગઇ
દુ:ખ તો એ છે કે એ રાહે રાસ્તને ભૂલી ગઇ

પ્યારની, વહેવારની વાતો હવે વિસરાઇ ગઇ
સ્નેહની, સંબંધની વાડી હવે કરમાઇ ગઇ
લોભમાં, અજ્ઞાનતામાં કોમ તો અટવાઇ ગઇ
કોમની પહેલાં હતી તે આબરુ ખોવાઇ ગઇ

દંભમાં ડૂબી ગયો છે કોમનો હર આદમી
નમ્રતા ભૂલી ગયો છે કોમનો હર આદમી
સ્વાર્થને પૂજી રહ્યો છે કોમનો હર આદમી
જૂઠ પણ બોલી રહ્યો છે કોમનો હર આદમી

કોમનું આબાદ ગુલશન આજ લૂંટાઇ ગયું
સંસ્કૃતિ-સંસ્કારનું તો ફૂલ મૂરઝાઇ ગયું
પ્હાડનું પંખી હતું પણ આજ વીંધાઇ ગયું
બુલબુલોનું પ્યારું પ્યારું ગીત રૂંધાઇ ગયું

એ બતાવો જામો-મીના, મયકશીનું શું થયું?
ને કવિ ઇકબાલની પ્યારી ખુદીનું શું થયુ?
આબિદોની પંજગાના બંદગીનું શું થયુ?
ઓલિયા-અલ્લાહવાળી જિંદગીનું શું થયુ?

કોમના દરિયા મહીં આંધી છે, ઝંઝાવાત છે
કોમના આકાશમાં આજે તો કાળી રાત છે
કોમની ધરતી ઉપર ચારે તરફ ઉત્પાત છે
કોમના હૈયામાં ઉલ્કાપાત છે, આઘાત છે

આજ બેવાઓનાં આંસુ લૂછનારું કોણ છે?
- ને યતીમોને મુહોબ્બત આપનારું કોણ છે?
જુલ્મને, અન્યાયને પડકારનારું કોણ છે?
મુફલિસો, મોહતાજને સંભાળનારું કોણ છે?

કોણ છે જે કોમનું કિસ્મત ફરી ચમકાવશે?
એના કરમાયેલા હોઠોને ફરી મલકાવશે?
કોણ વિધવાઓ, અનાથોને ફરી અપનાવશે?
એમની આંખો ખુશી, આનંદથી છલકાવશે?

કોણ છે જે એમના ઉપર અમી વરસાવશે?
એમની ઉજડેલ જીવન વાડીને મહેકાવશે?
કોણ સીધી રાહ મારી કોમને બતલાવશે
ડૂબતી કશ્તીને ધીરજથી કિનારે લાવશે?

છે જરૂરત કોમની નૈયાને તો પતવારની
કોમને તો છે જરૂરત સંપની, સહકારની

## કોમને પ્રશ્ન - ૨

જહાલત કેરો કાળો અંચળો એ ત્યાગશે કયારે
વિચારું છું કે મારી કોમ અંતે જાગશે કયારે

ઘુવડની એને જો ઉપમા હું આપું તો શું ખોટું છે
કે વર્ષોથી ઘુવડની જેમ અંધારાં પીએ છે એ
અહમનાં, એશનાં, અજ્ઞાનતાનાં, વેર-ઈર્ષ્યાનાં
અને સૂરજની સામે ખોલતાં આંખો બીએ છે એ
કિરણનું તીર એની અંધ આંખે વાગશે કયારે
વિચારું છું કે મારી કોમ અંતે જાગશે કયારે

હજી પકડીને બેઠી છે પુરાણી રીત-રસમોને
એ ઊંઘે છે, નથી સંબંધ એને જાગનારાથી
નવી કો' વાત છેડું છું તો એ મ્હોં ફેરવી લે છે
કે જાણે કોઇ પણ નિસ્બત નથી એને સુધારાથી
એ જૂની ચાલ, જૂના ચીલાઓને ત્યાગશે કયારે
વિચારું છું કે મારી કોમ અંતે જાગશે કયારે

નથી મળતો કદી એકેય એનો સૂર બીજાને
વિસંવાદી છે કેવું ગીત એનું આજ વરસોથી
હમેશાં વેરના, કુસંપના સુરો વગાડીને
બન્યું છે કેટલું બેતાલ એનું સાજ વરસોથી
સુરીલું ગીત એની વીણામાંથી વાગશે કયારે
વિચારું છું કે મારી કોમ અંતે જાગશે કયારે

ઝઘડવું હોય તો મઝહબનું લઈને નામ ઝઘડે છે
હજી ફિરકા-પરસ્તી છે ને આપસમાં ફસાદો છે
અજબ છે કે નથી પડતો જરાયે ફેર હાલતમાં
હતી પહેલાં તે આજે પણ અઝાનો છે, નમાઝો છે
અભણતાનું છે વળગ્યું ભૂત જે તે ભાગશે કયારે
વિચારું છું કે મારી કોમ અંતે જાગશે કયારે

નજર સામે તબાહીનાં બધાં મોજૂદ છે ચિહ્નો
છે ખુલ્લી આંખ તોયે કયાં કશું દેખાય છે એને
બધે એના પતનની થાય છે જાહેરમાં ચર્ચા
ઉઘાડા કાન છે પણ કયાં કશું સંભળાય છે એને
કે એ ડૂબી રહી છે એવું એને લાગશે કયારે
વિચારું છું કે મારી કોમ અંતે જાગશે કયારે

હવે ના કોઇ પયગમ્બર ધરા પર આવવાના છે
હે મારી કોમ કહીને હાથ તારો ઝાલવાના છે
દલીલો દાખલા આપી તને સમજાવવાના છે
દુઆઓ રાતભર તારે લીધે જે માંગવાના છે
બનીને રાહબર રસ્તો તને બતલાવવાના છે
તિમિરમાંથી તને જે તેજમાં લઇ આવવાના છે
હવે ના કોઇ પયગમ્બર ધરા પર આવવાના છે

હવે તો જાગનારા સાથ તારે જાગવું પડશે
અહમને છોડવો પડશે ને આળસ ત્યાગવું પડશે
ફકત બેસી રહેવાથી ન મળશે કોઇ દિ' મંઝિલ
જરૂરી છે કે તારે બે કદમ પણ ચાલવું પડશે

નિરાશામાં, હતાશામાં કહે જીવીને શું કરશે
જમાનો બોલવાનો છે તો તું આવાઝ પેદા કર
હવે ખામોશ રહેવાથી ન કોઇ કામ બનવાનું
નવી કોઇ વાત પેદા કર, નવો અંદાઝ પેદા કર

સહારો લઇને તું ઇતિહાસનો ઊભી ફરી થઇ જા
મના છે નાઉમેદી, નાઉમેદીને ફગાવી દે
અને અલ્લાહની રસ્સી ફરી મજબૂત પકડીને
જગતને તું ફરી તાકાતનો પરચો બતાવી દે

સમયની માંગ છે કે તું હવે હોશિયાર થઇ જાએ
જમાનો જોઇ રહ્યો રાહ તું તૈયાર થઇ જાએ
જરા સરખી જો તારી તેજ બસ રફતાર થઇ જાએ
તો સૃષ્ટિનો ફરી મુજ કોમ તું શણગાર થઇ જાએ

સમજમાં આખરે એની આ વાતો આવશે કયારે
વિચારું છું કે મારી કોમ અંતે જાગશે કયારે

## હું જશ્ન મનાવું શી રીતે?

ઉલ્લાસમાં ડૂબેલું કોઇ, હું ગીત સુણાવું શી રીતે
દુ:ખ-દર્દ બધાં ભૂલી જઇને, હું જશ્ન મનાવું શી રીતે

જ્યાં આંખ ઉઠાવી જોઉં છું, દેખાય છે જીવતાં મુદડાંઓ
માનવ તો નહીં કિન્તુ માનવના, ઝાંખાધબ્બ પડછાયાઓ
હર એક વદન પર ગમગીની, ચિંતાઓની ઘેરી રેખાઓ
નિસ્તેજ નિગાહોમાં વસતી, દુનિયાભરની વ્યાકુળતાઓ

હું એમના ચ્હેરાઓ પરથી, ગમગીની હટાવું શી રીતે?
દુ:ખ-દર્દ બધાં ભૂલી જઇને, હું જશ્ન મનાવું શી રીતે?

હું જ્યાં પણ કાન ધરૂં છું ત્યાં, સંભળાય છે આહો, નિશ્વાસો
કંઇ ભગ્ન હૃદયના ધબકારા, કંઇ દર્દમાં ડૂબેલા શ્વાસો
કંઇ પ્યાસી, પ્યાસી છે રૂહો, કંઇ સૂની સૂની છે આંખો
કંઇ માનવ પંખી એવાં છે, જેની છે કપાયેલી પાંખો

એ પંખ વિહોણા પંખીને, આકાશ બતાવું શી રીતે?
દુ:ખ-દર્દ બધાં ભૂલી જઇને, હું જશ્ન મનાવું શી રીતે?

જે મારું છે ને મારું નથી, હું એવા ચમનનું પંખી છું
હું પાંખ છતાં ના ઊડી શકું, આઝાદ છતાંયે કેદી છું
માળીની નજરમાં પરદેશી, ફૂલોની નજરમાં બાગી છું
કળીઓ ય કહે છે કે હું તો આખાયે ચમનનું વેરી છું

હું એવા ચમનમાં આજ ફરીથી માળો બનાવું શી રીતે?
દુ:ખ-દર્દ બધાં ભૂલી જઇને, હું જશ્ન મનાવું શી રીતે?

ખીલ્યાં છે ગુલાબો જખ્મોનાં, આબાદ છે દિલની ફુલવારી
દુ:ખ-દર્દ થકી ભરપૂર છે મારા અંતરની કયારી કયારી
ચંપાય છે મારા હૈયાને આ જુલ્મો-સિતમની ચિનગારી
નિત ગુંજતી ર્હે છે મુજ દિલમાં મજલૂમની આહો ચિચિયારી

હું ભગ્ન હૃદયની વીણા પર સંગીત બજાવું શી રીતે?
દુ:ખ-દર્દ બધાં ભૂલી જઈને, હું જશ્ન મનાવું શી રીતે?

સત્સંગ તજીને સાધુનો, ગુમનામની મહેફિલ શોધે છે
ઉપદેશ ધરમના ભૂલી જઈ, એ મોક્ષ ને મંઝિલ શોધે છે
નાવિકનો છોડી સાથ હવે તોફાનમાં સાહિલ શોધે છે
અંધકાર બધેબધ સર્જીને આ માનવ કંદીલ શોધે છે

એ પંથ ભૂલેલા રાહીને, હું માર્ગ બતાવું શી રીતે?
દુ:ખ-દર્દ બધાં ભૂલી જઈને, હું જશ્ન મનાવું શી રીતે?

## ઈજન

તમારે અંતરે ઈમાનની જ્યોતિ જગાડીશું
તમારે મસ્તકે પણ પૂર્વનું ટીલું લગાડીશું
અમારો રંગ રૂડો છે, અમારો રંગ નોખો છે
અમે નિજ રંગમાં તમને ય રંગીને બતાવીશું

દયા આવે છે હે પશ્ચિમના માનવ તારી હાલત પર
કે તું ચીજોની વચ્ચે ચેનથી જીવી નથી શકતો
કહેવાને તો દરિયો પી શકે છે તું મદીરાનો
પરંતુ જામ એક સંતોષનો તું પી નથી શકતો

તજી નિજ ધર્મ દિલના સાન્ત્વન માટે હવે તારે
ભજન કરવું પડે છે કૃષ્ણનું, કયારેક રામાનું
અજંપો ના ઘડીભર જંપવા દે છે તને તેથી-
શરણ લેવું પડે છે રાતદિન તારે મદીરાનું

કહે હું કઈ રીતે અપનાવું તારા રીતરસમોને
કે જેને તું ચહે છે તેને હું ચાહી નથી શકતો
મુકર્રર માર્ગ છે મારો, મુકર્રર ચાલ છે મારી
મને કર માફ, તારી ચાલ હું ચાલી નથી શકતો

હું માનું છું થશે ના આપણું એકીકરણ કયારે
કે હું માનું છું જેને, એને તું માની નથી શકતો
અમે પૂરવ, તમે પશ્ચિમ, મટે એ ભેદ કઈ રીતે
કે તું માને છે જેને, એને હું માની નથી શકતો

નશામાં ચૂર થઈને નાચવું તમને મુબારક હો
ગમે ત્યાં ચૂમવું, આલિંગવું, તમને મુબારક હો
બિલાડાં, કૂતરાને પાળવું, તમને મુબારક હો
અને મા-બાપને રઝળાવવું, તમને મુબારક હો

મને કર માફ, હું દારૂનો દરિયો પી નથી શકતો
હકીકત ભૂલી જઇને ભ્રમ મહીં જીવી નથી શકતો
ઝઈફો, દર્દમંદોથી મુહોબ્બત ધર્મ છે મારો
તજી એ ધર્મ તારો ધર્મ અપનાવી નથી શકતો

કરીને જામના ચૂરા, હે પશ્ચિમવાસીઓ આવો
સમીપ આવો, તમારા રોગનું ઔષધ બતાવું હું
અશ્રદ્ધાના ગહન અંધારમાંથી નીકળી આવો
તમારા દિલ મહીં શ્રદ્ધા તણો દીપક જલાવું હું

કરીને જામના ચૂરા, હે પશ્ચિમવાસીઓ આવો

ખુદી શીખો અમારી, ને અમારી બેખુદી શીખો
તમારે શીખવી હો તો અમારી સાદગી શીખો
અમારી આસ્થા શીખો, અમારી બંદગી શીખો
અદબવાળી, શરમ સંકોચવાળી જિંન્દગી શીખો

છે એ સાચું સમન્વય થઇ શકે ના આપણો કિન્તુ
હવે તો આપણે સમજી વિચારી જીવવું પડશે
કંઈક અપનાવવું પડશે અને કંઇ આપવું પડશે
સહિષ્ણુતા પરસ્પર કેળવીને ચાલવું પડશે

ભલે છે ભિન્નતા વાણી અને વહેવારમાં તો શું
ભલે છે ભિન્નતા મઝહબ અને તહેવારમાં તો શું
ભલે છે સંસ્કૃતિમાં ભિન્નતા, સંસ્કારમાં તો શું
ભલે છે ભિન્નતા આચારમાં, આહારમાં તો શું

પરસ્પર કેળવી આદર અમે ભેદો મિટાવીશું
ભલે છે રંગ જુદો પ્રેમથી જીવી બતાવીશું

## લઘુ કાવ્યો

૧૯૬૬માં ઈંગ્લૅન્ડ આવ્યો ત્યારે શરૂઆતમાં ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન બંધાયેલાં અહીંયાંના હારબંધ મકાનો (Victorian terraced houses)માંના, સ્ટ્રીટને છેડે આવેલા એક મકાનમાં, જેને હું બેઠકરૂમ અને બેડરૂમ તરીકે વાપરતો હતો, એવા ગ્રાઉન્ડ ફ્લોર પરના એક નાનકડા સમચોરસ ઓરડાના ભૌતિક વાતાવરણને આ લઘુ કાવ્યોમાં સ્મરણરૂપે જાળવી રાખવાનો પ્રયત્ન કર્યો છે.

### શૂન્ય પળો

ફાયર પ્લેસ પર
ટક...ટક...ટક...ટક...
કરતી
શૂન્ય પળો
બંધન તોડી
નાસી છૂટવા મથે!

### આયનો

એક
ઈંડાકાર આયનો
નિરીક્ષક જાણે
પહેરો ભરે!

**મંત્રણા**

કૅલેન્ડરમાં
બુધવાર
ગુરુવાર સાથે
કંઈક
ગુપચૂપ
મંત્રણા કરે! અને
નવમી, દસમી, અગિયારમી
તારીખો
ડોક ઊંચી કરી
ઉદાસ નજરે
બારમી, તેરમી, ચૌદમી સામે
એકીટશે જોયા કરે!

**નૌકા ડૂબે**

કાચના
અર્ધગોળાકાર
ગોળામાં
નૌકા ડૂબે
કાંઠે ઊભેલાં
તાડનાં ઝાડ
જોયા કરે
દીવાદાંડી
ડૂસકાં ભરે!

**મહેફિલ**

દીવાલો
જીર્ણ, પોલી
તેના ઉપર ભાતભાતનાં નાનાં મોટાં
રંગબેરંગી
ખીલ્યાં છે ફૂલ!
ચીમનીની દીવાલ ઉપર
ભૂરા આકાશની પાર્શ્વભૂમિકામાં
શોભી રહ્યો છે તાજ!
ડાબા ખૂણામાં ટાંગેલા
કાચના જૂના કબાટમાં
ખાલી વાસણો
કાચનાં
ખખડે!
એક ખાનામાં
કવિઓ બિરાજમાન
બંધ પુસ્તકોના
જાણે પાના ઉઘડે
શાયરીની
મહેફિલ જામે;
વાહ...વાહ...
દુબારા...દુબારા!

**ધુમ્મસ**

છાતીની
લોહિયાળ બખોલોમાં
નાસિકા વાટે
ઊતરી જવા મથતા
ચોમેરથી ઘેરી વળતા
કાળા, ચીકણા ધૂમ્ર - સર્પને રોકવા
નાકે ધરી રૂમાલ
નીકળું છું
ઘરની બહાર
હાશ! આ કેવી સવાર!

**પોપચાં તળે...**

આંખોથી
દૂ...ર દૂ...ર
ભાગે છે
ઊંઘ
ને
દૂ....................ર દૂ...................રથી
ઝાંખી, ઝીણી થઇ ગયેલી
તસવીરો
પાસે આવી
બીડાયેલાં પોપચાંના મંડપ
તળે
લીસી, ભીની સપાટી પર
મોડી રાત સુધી
નર્તન કરે
ચુંબનો ઝીલે
આલિંગે
'વીણા' ગીત સુણાવે
'નીરુ' નાચે
'નિરંજના' હરખાય
'શોભના' અંગ મરોડે
મારા બાહુમાં આવી
'મેહબુબા'
બીડાય!

## બૉનફાયર નાઈટ

શેરીએ શેરીએ હોળી સળગી
ફટાકડા ફૂટે છે ફટ્ ફટ્
નાનાંમોટાં
ટોળે વળી નજીક ઊભાં
આજુબાજુ
ઘરોમાંથી વીણી વીણી
વર્ષો જૂના કાટમાળનો
ઢગલો ખડકયો
તે માંહેથી ઊંચકી ઊંચકી
અંદર ફેંકે
અગનઝાળમાં
જૂના ઝભ્ભા
સૂટ-બૂટ-ફાટેલા ડગલા
સદી પુરાણા સોફા
જૂની પ્રામ, પાટિયાં

આજ રાત્રે
ભડકે બળતા આ જૂના ભંગારને જોઈ
મારા આ દુખિયારા મનમાં
એમ થાય કે:
જીવનમાંથી
કંઈ અનુભવો કડવા કડવા
કંઈ નિત્ય ડંખતી નિષ્ફળતા
કંઈ અતીતની દુ:ખમય યાદો
કંઈ બેવજૂદ જૂઠી વાતો
કંઈ કાટમાળ શી સોગાતો
ને વીણી વીણી
કરી પોટલું
અગનઝાળમાં
હોમી દઉં કે?
આજ રાત્રે!

**શૂન્ય ડિગ્રી સેન્ટિગ્રેડે...**

બોટલ માંહે
દૂધ થીજે
રસ્તા ઉપર
ભીનાશ થીજે
જમીન માહે
દટાયલા પાઈપની અંદર
પાણી થીજે
થીજે છાપરે
વર્ષા બિન્દુ
બસની ક્યૂમાં ઊભેલાંની
હાથપગની આંગળીઓમાં
લોહી થીજે!
પણે પૂર્વ (?) માં
ઊગવા મથતો
સૂરજ થીજે
શૂન્ય ડિગ્રી સેન્ટિગ્રેડે...

## ક્રિસ્મસ કાર્ડ

પોષ્ટ ઓફિસની
સૉર્ટિન્ગ ઓફિસમાં
દર વર્ષની જેમ
આ વર્ષે પણ
(કદાચ દર વર્ષ કરતાં કંઈક વિશેષ)
ક્રિસ્મસ કાર્ડનો
ના
દંભનો, અને
મજુરોના ખિસ્સામાંથી છેલ્લી પેની પડાવી લેવાની
મૂડીદારોની તરકીબોનો
એક પિરામીડિયો
ઢગ ખડકાયો છે.
આખાયે ઢગમાં
એકેયે કાર્ડમાંથી
સાચ્ચા સ્નેહની
સમર્પણની
સહાનુભૂતિની
સુગંધ આવતી નથી
દંભથી દુર્ગંધાતા એ ઢગ નીચે
વૃદ્ધ, જીર્ણ ક્રાઈસ્ટ
એવા તો દબાઈ ગયા છે કે
માથું ઊંચકી શકતા નથી
અને હું
આ વર્ષે
ક્રિસ્મસ કાર્ડ મોકલવાનું
માંડી વાળું છું.

**આપ-લે**

હે મારી ગામડાની ભોળી પ્રેમિકા
તને રીઝવવું કેટલું આસાન હતું?
યાદ છે
હું તને
ટીંબીના ફાકો બોર
કે
આમલીનો ચપટી મૉર
મોકલાવતો
મુઠ્ઠીભર જાંબુ કે ખોબો આમલાં
કાચી કેરી કે બે-ચાર કોઠાં
આપતો
અને બહુ બહુ તો
અત્તરમાં તરબોળ એકાદ હાથ રૂમાલ
ત્યારે તું
જાણે રાણીનું રાજ મળ્યું હોય
એટલી ખુશ થતી!
પરંતુ આજે તો
એની એકવીસમી વર્ષગાંઠે
વેલેન્ટાઇન ડે નિમિત્તે
ક્રિસ્મસની ભેટ રૂપે
કે પછી એની જન્મતિથિએ
રીંગ કે એરીંગ
નેકલેસ કે કીમતી ડ્રેસ
ફરકોટ કે રિસ્ટવૉચ એને આપું છું
તોયે
હું મારી આ શહેરની પ્રયસીને
પ્રસન્ન કરી શકતો નથી!
હવે હું આપવા ખાતર આપું છું
હવે એ લેવા ખાતર લે છે!

**અમૂલ્ય અવશેષ**

પહાડો ને
ખજૂરીના ઝાડોની
પાર્શ્વભૂમિકામાં
રણને એકલવાયે રસ્તે થઈને
વહી જતી વણઝારને
કોઈ રોકો,
ઘડીક રોકો...
અને લદાયલી પીઠો ઉપરથી
ઉતારી લ્યો
ચૌદસો વરસ પુરાણી સંસ્કૃતિને
નહિતર
વહી જશે વણઝાર
ને સાથે વહી જશે
ઊંટ પીઠ પર લદાયલો
અમૂલ્ય અવશેષોનો ભાર!

**મુક્તિ**

હે પશ્ચિમના સંસ્કારી માનવ
અમને અહીં આવી વસવાને
બબ્બે દાયકા થયા
છતાં
હજી જ્યારે તને
અમારા કપાળે ટીલાં
માથે પાઘડી
લાંબી દાઢી અને ઝભ્ભો જોઇને
અમારા પ્રતિ હસતો જોઉં છું ત્યારે
મનોમન વિચારૂં છું:
એ તારૂં હાસ્ય
અમારા વિષેની તારી અજ્ઞાનતાનું
પરિણામ નથી તો બીજું શું છે?
તારે મન
એ બધું જૂનવાણીપણાની નિશાની છે.
હા,
હું જૂનવાણી છું
અને જૂનવાણી જ રહેવાનું વિશેષ પસંદ કરું છું.
હું સો, બસો કે ચારસો વરસ નહીં
પણ---
ચૌદસો વરસ પાછળ હઠવા માંગું છું
પ્રગતિની મારી વ્યાખ્યા જ જુદી છે:
તું આગળ વધવાને
તો
હું પાછળ હઠવાને પ્રગતિ માનું છું
આગળ વધવા
અને પાછળ હઠવાની આ દોડમાં
મને શ્રદ્ધા છે કે
હું આગળ નીકળી જઇશ
મારા પૂર્વજોના નકશેકદમ પર
હું એક ડગલું પાછળ હઠી

એક હજાર ડગલાં આગળ નીકળી જાઉં છું
અને તું
તારા સ્વ-નિર્ધારિત માર્ગે
એક કદમ આગળ વધે છે અને
એક હજાર કદમ પાછળ ફેંકાય છે
પ્રગતિની આપણી વ્યાખ્યાનો
આ ફેર કઇ રીતે મટે?
છતાં
આપણે સાથે રહીએ છીએ એટલે
પરસ્પર સમજીને જીવવાનું
શીખી લઈશું
જે દિવસે તને
ટીલાનું
દાઢી અને ઝભ્ભાનું
રહસ્ય સમજાઇ જશે
તારી પણ સૂરત બદલાઈ જશે
તે દિવસે
આંતરિક અજંપાથી
ચોમેરથી ભીંસતી નરી ભૌતિકતાથી
તને નજાત મળી હશે.
ત્યારે તું અંદરથી સુખી હશે.

## પ્રાઉડ પરેડ

એ અમને અતિ પ્રિય છે.
એનું રજિસ્ટર્ડ નામ પ્રાઉડ પરેડ છે
અમે એને ખૂબ ચાહીએ છીએ
નાસ્તામાં
એને
રોજ સવારે
પોણો શેર દૂધ અને બે વ્હીટબિક્સ
દરરોજ એક શેર ખીમા સાથે
ગાજર કે કેબેજની કચુંબર
એ દોડવાનો હોય ત્યારે
દૂધમાં ઘોળેલું એક ઈંડું
શૅરીનાં બે ત્રણ ટીપાં છાંટેલો લિવરનો ટૂકડો
ય્ઘ્દચમયહતયદભમાં ડબોળેલા સૂકી દ્રાક્ષના
બે ત્રણ દાણા
આ અને આવું બીજું ઘણું એને આપીએ છીએ
એ પણ સ્વભાવે નરમ અને પ્રેમાળ છે
હું ટી.વી. જોતો હોઉં ત્યારે
મારા ઘૂંટણ પર ચડી એ બેસી રહે છે
હું એને પંપાળું છું
એના વાળ ઓળું છું
દાંત ઘસી આપું છું
ઘરમાં એની સારી દેખભાળ થાય છે.

દિવસભર
અઠવાડિયામાં
બે વાર યોજાતા
કૂતરાના રેસનો પ્રોગ્રામ હાથમાં લઈ બેસી રહેતો
કૂતરા અને કૂતરાના રેસ સિવાય ભાગ્યે જ
બીજા કશાનો વિચાર કરતો
ટપાલી કૅવીન એના ગ્રેહાઉન્ડની
પ્રાઉડ પરેડની
વાત મને કહે છે ત્યારે

મારી આંખો સામે
ગરીબી અને ભૂખે જેમના શરીરમાં
મુઠ્ઠીભર હાડકાં સિવાય કંઇ બાકી નથી રહેવા દીધું એવા
મારા વતનના
અસંખ્ય માનવ ગ્રેહાઉન્ડ તરવરે છે
હું વિચારોમાં ખોવાઈ જાઉં છું!

**બાળહઠ**

બાળક
રિસાયું
રડે...
રમકડાંની જમાત
ટોળે વળી
કારણ શોધે
મનાવે
આંસુ લૂછે!
હાથી કહે: કચડી નાંખું, બોલ
સતાવ્યું કોણે તુજને?
વાઘ કહે: ફાડી ખાઉં, બોલ
રડાવ્યું કોણે તુજને?
બંદૂક કહે: શૂટ કરી દઉં, બોલ
ડરાવ્યું કોણે તુજને?
બિલ્લી મ્યાઉં કરી મનાવે
ઢીંગલી વ્હાલ કરી બોલાવે
બંદર મામા બેન્ડ બજાવે
ટ્ ર ર ર ર...ટક ટક
ટ્ ર ર ર ર...ટક ટક
છૂક છૂક કરતી
ગાડી આવે
તોય ન માને
બાળ રિસાયું!

**પરદેશગમન...**

હું ઈંગ્લેન્ડ જવાનો છું એવું સાંભળ્યું ત્યારથી
એમના હોશ ઊડી ગયા હતા
મારાં રાજીમા રાજી ન હતાં.

ગામના પાદરે
મને વળાવા આવેલા કેટલાક મિત્રો
સગાં-સમ્બંધીઓને મળી-ભેટી
બસના પગથિયાં ચડતાં ચડતાં
મારી છેલ્લી નજર એમની વૃદ્ધ
કરચલિયોવાળી મુખાકૃતિ પર ઠરી ગઇ હતી
એ હજી બરાબર યાદ છે.

'ભાઇ, વહેલો પાછો આવજે...'
એ એમના છેલ્લા શબ્દો અને એ વિચારે કે
વહેલા પાછા આવવું
અને એમને ફરી મળવું કદાચ શકય નહીં બને
મારી આંખોમાં રોકવાની મથામણ છતાં
આંસુ આવી ગયાં હતાં.

આજે રાજીમા નથી...
વર્ષો વીતી ગયાં, છતાંયે
તે આંસુ હજી સુકાયાં નથી
એમાં તરે છે
મારાં રાજીમાની આદ્ર મુખાકૃતિ
એની ભીનાશમાં
હજી તાજી છે એમના વાત્સલ્યની ભીનાશ
અને હું આજે પણ માણું છું
એમની હયાતીની હૂંફ!

## **અનીસનું આગમન**
**(૧૯૭૪)**

તારા આગમનથી
અત્યાર સુધી મૂક બની ઊભેલા ઘરને
વાચા મળી છે
સ્થિર મકાન
ગતિશીલ બન્યું છે
એ પણ હવે
ઘૂંટણિયા કાઢે છે
એ પણ હવે
પા પા પગલી માંડે છે
હાલે છે, ચાલે છે.
અરણ્યોનું એકાન્ત
વનવગડાની ઉજ્જડતા
રણનું વેરાન
સ્મશાનનું સૂમસામ
કોણ જાણે કયાં જતું રહ્યું
તારા આવતાં જ!
ઘરના ખૂણે ખૂણે લપાયલો અંધકાર
કયારનો ભાગી ગયો છે
તારું અસ્તિત્વ
હજાર મેના અને હજાર પોપટની
ગરજ સારે છે.
હવે મારે પડોશીને જેમ
કૂતરાં બિલાડાં પર સ્નેહ ઢોળવો પડતો નથી
હવે અમને એકાન્ત ડરાવતું નથી
હવે હું કદી પણ એકલો નથી
હવે તો દીવાલો પર અથડાય છે
બા બા બા ના મધુર રણકાર
હવે છત સાથે પડઘાય છે
મા મા મા ના મીઠા ટહુકાર
હવે મારા ઘરમાં
રોજ એક સૂરજ ઊગે છે

હવે મારા ઘરમાં
રોજ એક ચાંદ ખીલે છે
હવે મારા ઘરમાં
એક સિતારો ચમકે છે
હવે મને એકાન્ત ડરાવતું નથી
હવે હું કદી પણ એકલો નથી.

**હૂ હૂ હૂ...**

કેટલાંયે નામ એના ઉપર ઘૂંટાયાં
છતાં
મારી પાટી તો
હજી પણ કોરી જ છે!
ચાહે તો એના ઉપર
ૐ કોતરી જા
ચાંદ તારો ચીતરી જા
કે ક્રોસ બનાવી જા.
મારે મન હવે એ સંજ્ઞાઓનું કોઈ મહત્વ નથી.

મેં ઉપર વિશાળ ગગનમાં
નીચે પૃથ્વીના પેટાળમાં
વચ્ચે અવકાશના ખૂણેખૂણામાં
ક્ષિતિજોની પેલે પાર
સાતે આસમાનોમાં
ફક્ત એક જ ચિહ્ન કોતરાયેલું જોયું છે
ફક્ત એક જ અક્ષર લખાયેલો વાંચ્યો છે
ફક્ત એક જ અવાજ પડઘાતો સાંભળ્યો છે.

જેના માથેથી મીંડાનો છેદ ઊડી ગયો છે
એવા
હૂ હૂ હૂનો...
બસ ત્યારથી મને
ૐ, ચાંદ-તારા કે ક્રોસમાં
રસ રહ્યો નથી
બસ ત્યારથી જ હું તો
મારી પાંચે ઈન્દ્રિયોમાં
હૂ હૂ હૂ ભરીને બેસી ગયો છું
હવે બસ એ જ મારું સાધન છે
હવે બસ એજ મારું સાધ્ય છે.

## ઘૂક કાવ્યો

□
હે મૂર્ખ
તું
ઘુવડની ગોળમટોળ આંખોમાંથી
છલકાતા
કાળાભમ્મર અંધકારના
બેત્રણ જામ ભરીને
પી ગયો છે
કે શું?

□
ઘુવડ
આખી રાત તિમિર-પુષ્પને
સૂંઘે
તિમિર-કેફમાં
ભાન ભૂલીને
ઊંઘે
બપોરે
ઘડીક જાગી જાય
તો એને શૂળ બની
કિરણો ભોંકાય!

□
કાળી
ધુમ્મસવાળી રાતે
એકલી જાતે
ચડી છાપરે
એક ઘુવડ
ઘૂંટ ભરે છે
અંધકારના
લબરક લબરક!

□

અંધકારની
પાકી કેરી
ચૂસી ચૂસી
સવાર પડતાં
કરી ગોટલો
ફેંકી દે છે
એક ઘુવડ!

□

ભરબપ્પોરે
એક ઘુવડને
અંધારાની
પ્યાસ લાગી!
ધોળે દહાડે
એને આજે
કાળી કાળી
ઈચ્છા જાગી!

□

ગઈ રાતે
કેટલાંક ઘુવડ
ભેગાં મળી
અંધકારની બેરલ ખાલી થાય
ત્યાં સુધી
પીતાં રહ્યાં
પીતાં રહ્યાં.

□
એણે તો ક્યારની યે
(અંધકારના કાદવમાં ખરડાયેલી)
પાંખો
સંકેલી લીધી છે,
(અંધારાં ઢીંચીને ભારેખમ બનેલી)
આંખો
મીંચી લીધી છે
અને હવે તો
અંધકારનું સામ્રાજ્ય ફરીથી હાથ ન લાગે
ત્યાં સુધી
(બે બાપનું હોય તો જાગે!)
અંધ બની ઊંઘી રહેવાનો
એણે તો નિર્ણય કર્યો છે.
સવારના
આ સૂરજ સાથે
એને શી છે
લેવા દેવા?

□
આજ ઘુવડને શું સૂઝયું
કે...
ચડી છાપરે
મારા ઘરના
અડધી રાતે
ચીમની વાટે
કાળા કાળા
ટાઢા ટાઢા
અંધકારની છાલક મારી
(એક સામટી બેત્રાણ છાલક)
મારા ઘરમાં
આજ ઘુવડને શું સૂઝયું
કે......

□

અંધકારની હિપ્ હિપ્ હુર્રે
અંધકારની હિપ્ હિપ્ હુર્રે
અંધકારની...
અંધકાર ઇઝ એ જોલી ગુડ ફેલો
અંધકાર ઇઝ એ જોલી ગુડ ફેલો
અંધકાર ઇઝ...
અંધકારની...
અર્ધભાનમાં
ઊંઘ જાગમાં...
ગાતાં ગાતાં
ભોંય લથડિયાં ખાતાં ખાતાં
સવાર પડતાં
અંધકારની મહેફિલ માણી
જ્યાંથી આવ્યાં'તાં ત્યાં ચાલ્યાં
ઘુવડ-ટોળાં
ગાતાં ગાતાં
અંધકારની હિપ્ હિપ્ હુર્રર
અંધકાર ઇઝ...



પ્રેસ્ટન મુશાયરામાં તરન્નુમથી ગઝલ રજૂ કરતા મહેક ટંકારવી



પ્રેસ્ટન મુશાયરામાં ગઝલોની મજા માણી રહેલા શ્રોતાઓમાં હઝલકાર સૂફી
મનુબરી, ગઝલકારો પ્રેમી દયાદરવી અને સિરાજ પગુથનવી દૃશ્યમાન થાય છે.



પ્રેસ્ટન મુશાયરાની મોજ માણી રહેલા ગઝલરસિક શ્રોતાઓમાં આગલી
હરોળમાં ગઝલકાર હારૂન પટેલ અને કવિ બળવંત શર્મા દૃશ્યમાન થાય છે.



**નામ**
યાકૂબ મેન્ક

**ઉપનામ**
'મહેક' ટંકારવી

**જન્મ**
નવેમ્બર ૧૯૪૦

**જન્મસ્થળ**
ટંકારીઆ, તા.જિ. ભરૂચ

**બ્રિટનનિવાસ**
૧૯૬૬

**અભ્યાસ**
બી.એ. (ઓનર્સ)
સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
એમ.એ. (અંગ્રેજી ભાષા-સાહિત્ય)
એમ.ટી.બી. કોલેજ, સુરત

**ગઝલસંગ્રહો**
પ્યાસ - ૧૯૭૨
તલાશ - ૧૯૮૦
પ્યાસથી પરબ સુધી - ૨૦૦૬
પ્રેમરસ પ્યાલો - ૨૦૧૩
તૃપ્તિ - ૨૦૨૦ (વૅબસાઇટ પર)

**લેખો:**
વિચારોનું વાવેતર - ૨૦૨૦ (વૅબસાઇટ પર)

**સમ્પાદન**
સબરસ, ઉપવન

## ગઝલ યાત્રાની આગેકૂચ

મારા પ્રથમ ગઝલસંગ્રહ "પ્યાસ"ને પ્રોત્સાહિત કરે એવો સારો આવકાર ગઝલ રસિકો અને કવિમિત્રો તરફથી મળ્યો. દરમિયાનમાં "ગુજરાતી રાઇટર્સ ગિલ્ડ, યુ.કે."ના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળવાની સાથે ગઝલો લખવાનું પણ ચાલુ જ હતું. લેંકેશાયરની જેમ બ્રિટનના અન્ય ટાઉનો અને શહેરોમાં પણ ધીરે ધીરે સાહિત્યિક સંસ્થાઓ ઊભી થતી ગઇ અને તેમના સહયોગમાં ગઝલ મહેફિલો અને જાહેર મુશાયરાઓનું આયોજન વધતું ગયું. ઉપવનમાં દરેક પક્ષીને પોતપોતાની રીતે ગીત ગાવાની તક મળે તો ઉપવન જેમ સદા વિવિધ ગીતો અને સૂરોથી ગુંજતું રહે છે તેમ અહીં લેંકેશાયરમાં જોતજોતામાં ડઝનેક ગઝલકારોનાં ગીતોથી ગઝલઉપવન ગુંજતું થઇ ગયું હતું.

શરૂઆતમાં મનોરંજન અને મેળમિલાપના એક માત્ર માધ્યમ તરીકે મુશાયરાઓએ સારો ભાગ ભજવ્યો, લોકોમાં તેમનું આકર્ષણ વધતું ગયું અને દિવસે દિવસે વાર્ષિક મુશાયરાઓની માંગ પણ વધવા લાગી. કોઇ પણ સંસ્થાનો વાર્ષિક મેળાવડો હોય, દેશથી પધારેલા કોઇ મહેમાનનું સન્માન કરવાનું હોય કે પછી ઇદ મિલન પાર્ટી હોય, શ્રોતાઓને આકર્ષવા ગુજરાતી મુશાયરો રાખવા માટે સંસ્થાના સંચાલકોને આગ્રહ થતો. કોટન મિલોમાં કામ કરીને થાકેલા લોકો આવા મુશાયરાઓમાં માનસિક રીતે થોડાક હળવા બનીને ઘરે જતા અને દિવસો સુધી કવિઓની પંક્તિઓને યાદ કરતા રહેત અને ફરી બીજા મુશાયરાની રાહ જોતા થઇ જતા. "તલાશ" જેવા ગઝલસંગ્રહોના પ્રકાશન ઉપરાંત જાહેર મુશાયરાઓએ ગુજરાતીને લોકોમાં બોલાતી ને વંચાતી રાખવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

અહીં અંગ્રેજીના પ્રભુત્વવાળા માહોલમાં આપણી માતૃભાષા ગુજરાતીને શકય હોય ત્યાં સુધી જાળવી રાખવી અને એ થકી આપણા સંસ્કૃતિ-સંસ્કારનું પણ રક્ષણ કરવું એ ધ્યેયને સામે રાખીને અમે કામ કરતા રહ્યા. પ્રેસ્ટન ખાતે 'કદમ' ટંકારવીની મેડીએ યોજાતી માસિક ગઝલ બેઠકોમાં કવિઓ હોંશે હોંશે ભાગ લેવા દોડી આવતા જ્યાં પોતાની ગઝલ રજૂ કરવાનો અને જરૂરી ઇસ્લાહ અને માર્ગદર્શન મેળવવાનો તેમને મોકો મળી રહેતો. આ રીતે "પ્યાસ"ના સમયથી આરંભાયેલી ગઝલયાત્રા એક દસકામાં તો નોંધપાત્ર આગેકૂચ કરી ખાસી આગળ નીકળી ગઇ હતી.